મે ૨૦૧૯

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૧૦



વર્ષ : ૨૪, અંક : ૯
સળંગ અંક : ૨૮૫
**મે ૨૦૧૯**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2019,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :**(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## વ્યવસ્થિતની સમજણ રાખે મુક્ત ડખોડખલથી

### સંપાદકીય

દાદાશ્રી કહે છે કે આ જીવનમાં આપણને જે કંઈ પણ ભેગું થાય છે તે આપણા જ કર્મોનો હિસાબ છે. પાછલા ભવના કર્મોના આધારે વ્યવસ્થિત શક્તિ આ ભવે ફળ આપે છે. એમાં કોઈની ડખોડખલ નથી. એટલે જેટલી પુણ્ય હોય એમાં સંજોગો બધા સારા મળી આવે અને પાપ એ સંજોગો ખરાબ લાવે. એટલે આપણા જ કર્મનું ફળ છે અને તે વ્યવસ્થિત છે. એમાં ભગવાનની કંઈ ડખલ છે નહીં ! યુ આર હોલ એન્ડ સૉલ રિસ્પોન્સિબલ ઓફ યોર લાઈફ! (તમે જ તમારા જીવન માટે સંપૂર્ણ જવાબદાર છો.)

આ 'વ્યવસ્થિત'નું જ્ઞાન તો બધા લોકો માટે નથી. કારણ કે અહંકાર હોય ત્યાં સુધી 'વ્યવસ્થિત' કહેવાય નહીં. 'વ્યવસ્થિત' તો આત્મા પ્રાપ્ત થયા પછી જ સમજાય ! જગત છે જ 'વ્યવસ્થિત' એમાં બે મત નથી, પણ જેને અહંકાર છે તે 'વ્યવસ્થિત' કહે તો ડખો થાય. અહંકાર હોય ત્યાં પ્રારબ્ધ હોય અને અહંકાર વગર 'વ્યવસ્થિત' હોય.

જો 'વ્યવસ્થિત'ની સત્તા સમજી જાય તો પોતે તદ્દન નવરો પડી જાય. પછી પોતાના સ્વરૂપમાં જ રહી શકે. જે થઈ રહ્યું છે તે 'વ્યવસ્થિત' છે. એટલે પોતે આ પરસત્તા સમજી જાય અને પરસત્તામાં ડખો ના કરે તો પછી એ સત્તા જ એને છોડી દે છે અને પરિણામે પોતે મુક્ત થઈ જાય છે. પોતે પરસત્તામાં ડખલ કરે છે, તેથી આ સત્તા એને પકડી રાખે છે. 'વ્યવસ્થિત'ની સત્તામાં લોકો ડખલ કરે છે. 'મેં કર્યું' કહે છે, આ કર્તાપણાનો જ ડખો છે. એટલે 'વ્યવસ્થિત'ને વ્યવહારમાં એડજસ્ટ કરી લો. બધો વ્યવહાર 'વ્યવસ્થિત' ચલાવી જ લે છે. કશું ડહાપણ કરવા જેવું નથી. વ્યવહારમાં જાગતા ઊંઘો તો ડખો ના રહે. વ્યવહાર તો 'વ્યવસ્થિત' જે પ્રમાણે ચલાવે છે એ શુદ્ધ વ્યવહાર છે અને તેમાં 'આપણે' ડખો કરીએ એ અશુદ્ધ થયું, માટે ડખો કરવો નહીં.

'વ્યવસ્થિત' એટલે ચંદુભાઈ જે કાર્ય કરતા હોય, પછી સારું કે ખોટું, જે કરે તે એ જોયા કરો, ડખોડખલ ના કરો, એનું નામ 'વ્યવસ્થિત'. ડખા વગરનું જગત છે આ જ્ઞાન આપ્યા પછી. દાદાશ્રી કહે છે કે જ્ઞાન લેતાં પહેલાં તો ડખો જ હતો બધો, પણ જ્ઞાન લીધા પછી કંઈ પણ ડખો થયો તો 'વ્યવસ્થિત' સમજવામાં આપણી ભૂલ થઈ રહી છે. આ તો 'વ્યવસ્થિત' નહીં સમજવાથી ડખોડખલ થાય છે. 'વ્યવસ્થિત' પૂરેપૂરું સમજે તો કેવળજ્ઞાન થઈ જાય.

હવે તો 'આપણે' 'આપણું' કામ કાઢી લેવાનું છે. માટે 'આપણે' 'વ્યવસ્થિત' સમજી જવાનું. મહાત્માઓ વ્યવસ્થિતનું જ્ઞાન જેમ છે તેમ સમજીને ડખોડખલ રહિત દશા પ્રાપ્ત કરે તે માટે પ્રસ્તુત સંકલન ઉપયોગી થાય એ જ અભ્યર્થના.

**- જય સચ્ચિદાનંદ**

# વ્યવસ્થિતની સમજણ રાખે મુક્ત ડખોડખલથી

## નથી કોઈની ડખલ આપણામાં

**પ્રશ્નકર્તા :** એક જણને પૈસા અને એક જણને ગરીબી એ કેવી રીતે આવે છે, મનુષ્યમાં જ બધા જન્મે છે તોય ?

**દાદાશ્રી :** એ છે તે આપણો જે આ જન્મ થાય છે ને, તે ઈફેક્ટ હોય છે. ઈફેક્ટ એટલે ગયા અવતારમાં જે કોઝીઝ હતા તેનું આ ફળ છે. એટલે જેટલી પુણ્યૈ હોય, એ પુણ્યમાં શું શું થાય ? ત્યારે કહે, એમાં સંજોગો બધા સારા મળી આવે તો મદદ જ કર્યા કરે. બંગલો બાંધવો હોય તો બંગલો બંધાય, મોટર મળે ! અને પાપ એ સંજોગો ખરાબ લાવી અને બંગલો હરાજી કરાવડાવે. એટલે આપણા જ કર્મનું ફળ છે. એમાં ભગવાનની કંઈ ડખલ છે નહીં ! યુ આર હોલ એન્ડ સૉલ રિસ્પોન્સિબલ ઓફ યોર લાઈફ ! (તમે જ તમારા જીવન માટે સંપૂર્ણ જવાબદાર છો.) એક લાઈફ નહીં, કેટલીયે લાઈફ માટે ભગવાનની ડખલ છે નહીં આમાં !

## પૂરણ-ગલનમાં ડખો કરી બગાડે આવતો ભવ

પૈસો-બૈસો શું છે ? પૂરણ-ગલન છે. પૂરણ થયું એટલે ગલન થવાનું જ. ચોપડાના હિસાબ છે. એમાં લોક બુદ્ધિ વાપરીને ડખો કરી મેલે છે. આ તો મૂઆ, પૂરણ-ગલનમાં શક્તિઓ વેડફે છે. પૈસો તો બેન્ક (પુણ્યનું) બેલેન્સ છે, હિસાબ છે, નક્કી થયેલું છે. એમાં પૈસા કમાવામાં બુદ્ધિ વાપરે છે એ પોતાનું ધ્યાન બગાડે છે અને આવતો ભવ બગાડે છે.

## પ્રમાણસર વહેંચણી, એમાં ડખો શો ?

માણસે કમાણીની બહુ ઉતાવળ ના કરવી. કમાણી કરવામાં આળસ રાખવી જોઈએ, ઉતાવળ ના કરવી જોઈએ. કારણ કે ૧૯૭૮માં કમાણીની બહુ ઉતાવળ કરીએ તો ૧૯૮૮માં આપણી પાસે જે નાણું આવવાનું હોય તે અત્યારે ૧૯૭૮ આવી જાય, ઉદીરણા થાય. પછી ૧૯૮૮માં શું કરીએ આપણે ? એટલે નાણું બહુ કમાવવાની ખટપટ કરવી નહીં. આપણે ધંધો નિશ્ચિત ભાવે શાંત રૂપે કર્યા કરવો. આ કાળમાં જેટલી નીતિમત્તા સચવાય એટલું ભાવથી કર્યા કરવું. હાયવોય તો કોણ કરે ? જેને અનાજ કે કંઈ ખૂટી પડતું હોય તે હાયવોય કરે. એવું અનાજ ખૂટી પડે, એવો દહાડો તો તમને નથી આવવાનો ને ? કપડાં ખૂટી પડે એવા દહાડા આવે છે ?

## પુણ્યનું ફળ સમજે, તો ના રહે ડખો

આ શેઠ આખી જિંદગીમાં પચ્ચીસ લાખ લઈને આવ્યા હોય, તે પચ્ચીસ લાખના બાવીસ લાખ કરે છે, પણ વધારતા નથી. વધે ક્યારે ? હંમેશાંય ધર્મમાં રહે તો. પણ જો પોતે મહીં ડખો કરવા ગયો તો બગડ્યું. કુદરતમાં હાથ ઘાલવા ગયો કે બગડ્યું. લક્ષ્મી આવે છે એને એ એમ જાણે છે કે આ રેતીમાંથી લક્ષ્મી આવે છે. એટલે એ રેતીને પીલ પીલ કરે છે, પણ કશું મળતું નથી. લક્ષ્મી એ તો પુણ્યનું ફળ છે, ખાલી પુણ્યનું જ ફળ છે. મહેનતનું ફળ હોત ને, તો તો બધી મજૂરોના હાથમાં જ ગઈ હોત. અને અક્કલનું ફળ હોત ને, તો આ લોખંડના વેપારી જેવા કોઈ અક્કલવાળા નહીં, તો બધી લક્ષ્મી ત્યાં ગઈ હોત. પણ એવું નથી, લક્ષ્મી એ તો પુણ્યૈનું ફળ છે.

એક શેઠ મને કહે, 'આ મારા છોકરાંને કશું કહો ને, મહેનત કરવી નથી, નિરાંતે ભોગવે છે.' મેં કહ્યું, 'કશું કહેવા જેવું જ નથી. એ એની પોતાના ભાગની પુણ્યૈ ભોગવતા હોય, એમાં આપણે શું કરવા ડખો કરીએ ?' ત્યારે એ મને કહે, 'એમને ડાહ્યા નથી કરવા ?' મેં કહ્યું, 'જગતમાં

જે ભોગવે છે એ ડાહ્યો કહેવાય, બહાર નાખી દે એને ગાંડો કહેવાય ને મહેનત કર્યા કરે, એ તો મજૂર કહેવાય.' પણ મહેનત કરે છે એને અહંકારનો રસ મળે ને ! લાંબો કોટ પહેરીને જાય એટલે લોક 'શેઠ આવ્યા, શેઠ આવ્યા' કરે, એટલું જ બસ. અને ભોગવનારને એવી કંઈ શેઠ-બેઠની પડેલી ના હોય. આપણે તો આપણું ભોગવ્યું એટલું સાચું.

જીવન જરૂરિયાત માટે કેટલું જોઈએ ? તું એકવાર નક્કી કરી લે કે આટલી આટલી મારી જરૂરિયાતો છે. દા.ત. ઘરમાં ખાવા-પીવાનું પૂરતું જોઈએ, રહેવા માટે ઘર જોઈએ, ઘર ચલાવવા પૂરતી લક્ષ્મી જોઈએ. તે તેટલું તને મળી રહેશે જ. પણ જો પાડોશીએ બેંકમાં દસ હજાર મૂક્યા હોય તો તને મહીં ખૂંચ્યા કરે. આનાથી તો દુઃખ ઊભાં થાય છે. દુઃખને મૂઓ જાતે જ નોતરે છે. જગતમાં બધા જ સુખ ખોળે છે પણ સુખની વ્યાખ્યા જ નથી નક્કી કરતા. 'સુખ એવું હોવું જોઈએ કે જેના પછી ક્યારેય પણ દુઃખ ના આવે.'

## પૈસા ગણવા એ પણ ડખો

આ લૌકિક સુખ કરતા અલૌકિક સુખ હોવું જોઈએ કે જે સુખમાં આપણને તૃપ્તિ વળે. આ લૌકિક સુખ તો અજંપો વધારે ઊલટો ! જે દહાડે પચાસ હજાર રૂપિયાનો વકરો થાય ને, તે ગણી ગણીને જ મગજ બધું ખલાસ થઈ જાય. મગજ તો એટલું બધું અકળામણવાળું થઈ ગયું હોય કે ખાવાપીવાનું ગમે નહીં. કારણ કે મારેય વકરો આવતો હતો, તે મેં બધો જોયેલો કે આ મગજમાં કેવું થઈ જતું હતું તે ! આ મારા અનુભવની બહાર નથી ને કંઈ ! હું તો આ સમુદ્રમાંથી તરીને બહાર નીકળ્યો છું, એટલે હું બધું જાણું છું કે તમને શું થતું હશે ? વધારે રૂપિયા આવે ત્યારે વધારે અકળામણ થાય, મગજ ડલ થઈ જાય ને કશું યાદ ના રહે; અજંપો-અજંપો રહ્યા કરે. આ તો નોટો ગણ ગણ ગણ કરે, પણ એ નોટો અહીં ને અહીં રહી ગઈ બધી ને ગણનારા ગયા ! નોટો કહે છે કે 'તારે સમજવું હોય તો સમજી લેજે, અમે રહીશું ને તું જઈશ !' માટે આપણે જરાક ચેતવું જોઈએ ને ! બીજું કશું નથી, આપણે એની જોડે કંઈ વેર નથી બાંધવું. પૈસાને આપણે કહીએ, 'આવો બા.' એની જરૂર છે ! બધાની જરૂર તો છે ને ? પણ એની પાછળ જ તન્મયાકાર રહે ! તો ગણનારા ગયા અને પૈસા રહ્યા, છતાં ગણવું પડે. તેય છૂટકો જ નહીં ને ! કો'ક જ શેઠિયો એવો હોય કે મહેતાજીને કહે કે 'ભઈ, મને ખાતી વખતે અડચણ કરશો નહીં, તમારે પૈસા નિરાંતે ગણીને તિજોરીમાં મૂકવા ને તિજોરીમાંથી લેવા.' એમાં ડખો ના કરે એવો કો'ક શેઠિયો હોય ! હિન્દુસ્તાનમાં એવાં બે-પાંચ શેઠિયાઓ નિર્લેપ રહે એવા હોય ! તે મારા જેવા ! હું કોઈ દહાડો પૈસા ગણું નહીં ! આ શું ડખો ? આ લક્ષ્મીજીને આજે મેં વીસ-વીસ વર્ષથી હાથમાં નથી ઝાલ્યાં, તો જ આટલો આનંદ રહે છે ને !

## ચળવિચળ થવાથી થાય ડખો

વ્યવહાર છે ત્યાં સુધી લક્ષ્મીજીની પણ જરૂર છે, તેની ના નથી, પણ તેની મહીં તન્મયાકાર ના થવાય. તન્મયાકાર નારાયણમાં થાવ. લક્ષ્મીજી એકલાંની પાછળ પડીએ તો નારાયણ ચીડાયા કરે. લક્ષ્મીનારાયણનું તો મંદિર છે ને ! લક્ષ્મીજી કંઈ જેવી તેવી વસ્તુ છે ?

લક્ષ્મીજી તો દેવી છે. વ્યવહારમાં ભગવાનના પત્ની કહેવાય છે. આ બધું તો પદ્ધતિસર 'વ્યવસ્થિત' છે પણ મહીં ચળવિચળ થવાથી ડખો ઊભો થાય છે. મહીં ચળવિચળ ના થાય ત્યારે લક્ષ્મીજી વધે. આ મહીં ચળવિચળ ના હોય તો એમ ના થાય કે શું થશે ! 'શું થશે' એવું થયું કે લક્ષ્મીજી ચાલવા માંડે.

## વ્યવસ્થિતની સત્તા સમજે, તો ના રહે ડખો

પૈસા કમાયા તેને જગત પૂરણ કહે છે ને ખોટ જાય કે ખર્ચાઈ જાય, ત્યારે ગલન થઈ ગયા કહે છે. હકીકતમાં કમાયા કે ખર્ચાયા તે બેઉ ગલન છે અને પાછું 'વ્યવસ્થિત'ને આધીન છે. હવે આ જગતને શી રીતે સમજાય ? જો 'વ્યવસ્થિત'ની સત્તા સમજી જાય તો પોતે તદ્દન નવરો પડી જાય. પછી પોતાના સ્વરૂપમાં જ રહી શકે. આટલી વાત તમે જાણો તો પછી તમને ડખો ના રહે ને ? તમે આ વાત ભૂલી ના જાઓ અને જગતના લોકોને શિખવાડ શિખવાડ કરીએ તોય ભૂલી જાય. કારણ કે તેઓ કષાય સહિત છે. કષાય સહિતવાળાને કશું કાબૂમાં ના રહે.

## ઉદયકર્મમાં અહંકાર કરે ડખો

**પ્રશ્નકર્તા :** આપણા મહાત્માઓને માટે વાત નથી, પણ હવે જગતની અંદર તો બધાય કર્માધીન જ છે ને ?

**દાદાશ્રી :** કર્માધીન છે, બધાય.

**પ્રશ્નકર્તા :** અને કમ્પ્લીટ (સંપૂર્ણ) કર્માધીન જ ચાલે છે ને ?

**દાદાશ્રી :** ના, એવું નથી, કર્માધીન એક અવતાર માટે છે.

**પ્રશ્નકર્તા :** હવે એમાં નવું કરી શકે પોતે ?

**દાદાશ્રી :** ના, એમાં નવું કર્યું હોય તે પ્રમાણે આવતે ભવ ફેરફાર થાય. અને એમાં તો પોતે સ્વતંત્ર રહે છે પણ આ એક અવતાર માટે ઉદયકર્મ છે. એમાં અહંકાર ડખો કરે છે, એ નવું ફેરફાર કરી શકતો નથી.

## અહંકાર છે ત્યાં સુધી ડખોડખલ કર્યા જ કરે

**પ્રશ્નકર્તા :** જે કંઈ જીવનમાં થઈ રહ્યું છે, તે પાછલાં કર્મના હિસાબે થઈ રહ્યું છે ?

**દાદાશ્રી :** હા, બીજું શું તે ? અને નવો હિસાબ ના બાંધીએ એટલે કશો વાંધો જ નથી.

**પ્રશ્નકર્તા :** પાછલાં કર્માનુસાર એ ખરાબ કામ કરતો આવ્યો હોય ને અત્યારે સારાં કર્મો એને કરવાં હોય તો એ થઈ શકે ? અત્યારે જે પાછલાં કર્મોના હિસાબે ચાલે છે, એમાં કંઈ ફેરફાર કરી શકીએ ?

**દાદાશ્રી :** અહંકાર છે ને, થોડોઘણો ફેરફાર થાય. જે ડિઝાઈન થઈ ગઈ હોય, તેને ફેરફાર ના થાય. અને અહંકાર ના હોય, તેને કશોય ફેરફાર ના થાય.

**પ્રશ્નકર્તા :** બધું વ્યવસ્થિત છે, કર્મનું પરિણામ છે, તો આપણે જે ભાવથી કરીએ છીએ તે પ્રમાણે આવે. પણ ભાવના કરીએ તેમાં પુરુષાર્થ ખરો ? પુરુષાર્થથી ભાવના બદલાય, કે એય વ્યવસ્થિત ?

**દાદાશ્રી :** ના, એ વ્યવસ્થિત નહીં. ભાવનાથી તું પુરુષાર્થ કર. વ્યવસ્થિત ક્યાં સુધી હેલ્પ કરે કે અહંકાર ના હોય ત્યાં સુધી. અહંકાર હોય ત્યાં સુધી વ્યવસ્થિત કહેવાય નહીં. એટલે અહંકારથી અવ્યવસ્થિત કરે, માટે ભાવનાથી એ બદલાવી શકાય. જગત છે વ્યવસ્થિત પણ અહંકાર છે તે ગોદો માર્યા વગર રહે નહીં. ગોદો ના મારે તો બિલકુલ વ્યવસ્થિત છે, એક્ઝેક્ટ છે ! અહંકાર કંઈની કંઈ ડખોડખલ કર્યા કરે છે. ના હોય ત્યાંથી દુઃખ લઈ આવે.

## અહંકારની ડખલ, ત્યાં ના હોય વ્યવસ્થિત

**પ્રશ્નકર્તા :** અહંકાર હોય ત્યાં સુધી તો અવ્યવસ્થિત જ જગત છે?

**દાદાશ્રી :** જગત છે વ્યવસ્થિત, પણ અહંકાર એટલે ઊંધું કર્યા વગર રહે નહીં. વ્યવસ્થિતને અવ્યવસ્થિત કરે !

**પ્રશ્નકર્તા :** આ કોઈપણ કાર્ય થયું એ વ્યવસ્થિત નહીં કહેવાય ?

**દાદાશ્રી :** વ્યવસ્થિત હોતું હશે આવું ? અહંકારીને અને વ્યવસ્થિતને વેર છે. એ બે ભેગાં ના થાય. નિર્‌અહંકારને માટે વ્યવસ્થિત છે. વ્યવસ્થિતના બાપનેય તોડી નાખે અહંકાર તો ! એટલે જ્યાં સુધી અહંકાર છે, ત્યાં સુધી વ્યવસ્થિત કહેવાય નહીં એ. વ્યવસ્થિત એ ડિસ્ચાર્જ કર્મને માટે જ છે, ચાર્જ કર્મમાં વ્યવસ્થિત નથી. ક્યારે મૂઓ શું કરે એ કહેવાય નહીં. એટલે એમાં વ્યવસ્થિત હોતું જ નથી, ડખલ હોય છે આખી અહંકારની સહેજેય !

## કર્તાપણાથી કરે ડખલ

**પ્રશ્નકર્તા :** જો આ જગત વ્યવસ્થિત છે, તો પછી આ માણસોને કર્મબંધન કેવી રીતે થાય છે ?

**દાદાશ્રી :** અહંકાર છે એટલે કર્મબંધન થયા વગર રહે નહીં. અહંકાર ના હોય તો જગત વ્યવસ્થિત છે. એ અહંકાર જો ખલાસ થઈ જાય ને, તો જગત વ્યવસ્થિત જ છે. અહંકારથી ના કરતો હોય તો આ જેમ છે એમ જાણે. હવે અહંકાર શાથી કરે છે, કે પોતે કરતો નથી અને આ શું કહે, 'મેં આમ કર્યું ને તેમ કર્યું.' પણ તે કહેવાનું નાટકીય રીતે બોલવાનું. ભગવાન કર્તા નથી અને તમેય કર્તા નથી, જે કરે એને બંધન થાય. એટલે કરે છે બીજી શક્તિ, એ વ્યવસ્થિત શક્તિ. બાકી મૂળ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે. એવી રીતે આ બધું વિજ્ઞાનથી ઊભું થયેલું છે. આ કરે છે બીજો અને તમે માનો છો કે 'હું કરું છું આ' એટલું જ, એનું નામ અહંકાર, બસ. આ અહંકાર જાય એટલે આ વ્યવસ્થિત છે બધું અને અહંકાર હોય ત્યાં સુધી ડખો કર્યા વગર રહે નહીં. ડખો તો આમ કરું ને તેમ કરું, આવો ડખો કરે છે તે એથી કશું વળે નહીં, અને આવતો ભવ બગાડે !

## કર્તાપણાનો ડખો ત્યાં સુધી અવ્યવસ્થિત

અહંકારી માણસનેય જગત છે તો વ્યવસ્થિત, પણ અહંકારી માણસ વ્યવસ્થિતને વ્યવસ્થિત ના રાખે, ઊંધું કરી આવે. એટલે અમે આ બધાને અહંકાર લીધા પછી વ્યવસ્થિત કહ્યું, એટલે કર્તાપણું છૂટ્યા પછી. અહંકારી માણસ છે તે ઊંધું જ કર્યા કરે, એનો દિન-રાત ધંધો જ એ ને ! છતું હોય તેનું ઊંધું કરી આવે. કારણ કે વિપરીત બુદ્ધિ છે એની. બધામાં કંઈ સમ્યક્ બુદ્ધિ ઓછી હોય છે ? બુદ્ધિ કળિયુગના હિસાબે વિપરીત હોય. ઊંધું જ કરવું એનું કામ.

આ તો બધું ખાય-પીવે એટલું જ, બાકી ભાન જ નથી. અને ભાન હોય તો તો પોતાને ઘેર ચાર છોડીઓ હોય ને કો'કની છોડીને ખરાબ દૃષ્ટિથી જુએ જ નહીં. એને વિચાર આવવો જોઈએ કે મારી છોડીઓને કોઈ જુએ તો શું થાય ? પણ ભાન જ નથી, એ લોકોને તો. ભાન કેમ નથી ? તો કહે, સમજતો નથી ને અહંકાર પાર વગરનો છે ! અહંકાર એટલે આંધળો જ. જો લોભનો અહંકાર હોય, તો લોભમાં અંધ હોય. માનનો અહંકાર હોય તો માનમાં અંધ હોય. વિષયનો હોય તો વિષયમાં અંધ હોય. એટલે મૂળ અહંકાર પૂરો આંધળો છે ને એટલે જેમાં તે ઘાલ્યો તેમાં આંધળો હોય, તે એ ઊંધું કર્યા જ કરે.

બુદ્ધિની આંખે જુએ એ. એટલે બુદ્ધિનું ચલણ બધું. એ બુદ્ધિનો ધંધો શો ? નફો-ખોટ દેખાડ દેખાડ કરવો, બસ. તે આખો દહાડો લોહી-ઉકાળો કરાવ્યા જ કરે. એટલે જો તું અહંકારી છે તો તું જ કર્તા છે અને જો તું નિર્‌અહંકારી છે તો વ્યવસ્થિત કર્તા છે.

અહંકાર કર્તા હોય ત્યાં સુધી વ્યવસ્થિત હોય નહીં. કર્તા ડખો કર્યા વગર રહે નહીં. વ્યવસ્થિત વિસર્જન શક્તિ છે, સર્જન નથી. વિસર્જનમાં કશું વાંધો આવે નહીં, સર્જનમાં વાંધો આવે. ચાર્જ કરનારાને વાંધો આવે. અહંકારી લોકો ચાર્જ કરે ને ? વાર ના લાગે. પણ જગતના લોકોને 'વ્યવસ્થિત' નથી. આ 'જ્ઞાન' લીધા પછી વ્યવસ્થિત છે. તમને હવે વિસર્જન એકલું રહ્યું એટલે તમારે વ્યવસ્થિત છે. એમને (બીજા લોકોને) સર્જન-વિસર્જન બેઉ છે.

## અહંકારી 'વ્યવસ્થિત' કહે તો ડખો

આ 'વ્યવસ્થિત'નું જ્ઞાન તો બધા લોક માટે નથી. કારણ કે એની જોડે અહંકાર છે ને ! હવે અહંકાર 'વ્યવસ્થિત'ના તાબામાં છે અને એ પોતે કહે છે કે 'હું કરું છું.' એટલે એ બંનેનો ત્યાં આગળ ડખો થાય છે. વ્યવસ્થિતમાં પણ ડખો કરીને ઊલટું સુખ બગાડે છે. એ અહંકારથી જો એટલો ડખો ના કરતો હોય ને સમતાથી જો પુરુષાર્થ કરતો હોય તો બહુ ફાયદાકારક થઈ પડે. તોય 'એનાથી' 'વ્યવસ્થિત' તો મનાય જ નહીં. 'વ્યવસ્થિત' તો ચોખ્ખું થયા પછી, 'આત્મા' પ્રાપ્ત થયા પછી જ સમજાય ! જગત છે જ 'વ્યવસ્થિત' એમાં બે મત નથી, પણ પેલો અહંકાર છે તે 'વ્યવસ્થિત' કહે તો ડખો થાય.

આ જ્ઞાન એટલે આત્મદશા થયેલી હોય તેને, બીજા કોઈથી ના બોલાય. કારણ કે જ્યાં સુધી સાઠ ટકાના જ્ઞાની હોય તો ચાળીસ ટકા અહંકાર ખુલ્લો હોય, ચાળીસ ટકા બાકી રહ્યું તેનો અહંકાર હોય. તે ત્યાં સુધી વ્યવસ્થિત ના બોલાય. અહંકાર ડખો કર્યા વગર રહે નહીં. 'મારે કરવાનું રહ્યું', એવું કહે. એમને કરવાનું રહ્યું ને 'અહીં' કરવાનું ના હોય કશું. 'વ્યવસ્થિત' તો અહંકાર ખલાસ થઈ જાય પછી વ્યવસ્થિત બોલાય. એટલે આ બધાને આપણે અહંકાર બંધ કર્યા પછી વ્યવસ્થિત આપીએ છીએ.

## અહંકારનો ડખો ગયા પછી ક્રમબદ્ધ પર્યાય

અહંકાર હોય ત્યાં સુધી બધા જ ફેરફારો કરી નાખે, ડખો કર્યા વગર રહે જ નહીં. અને જ્ઞાન મળ્યું એટલે અહંકાર ખલાસ થયો એટલે તમે કહેતા'તા ને, પેલું શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** ક્રમબદ્ધ પર્યાય.

**દાદાશ્રી :** આપણે 'વ્યવસ્થિત' કહીએ છીએ અને એ 'ક્રમબદ્ધ પર્યાય' કહે છે, એ અહંકાર ખલાસ થાય ત્યાર પછીનું બધું. જ્ઞાન ના હોય ત્યારે કશુંય કહેવાય નહીં. કારણ કે અહંકાર ગમે તે ટાઈમે બોમ્બ ફોડીને ઊભો રહે.

જ્યાં સુધી અહંકાર છે ત્યાં સુધી ક્રમબદ્ધ પર્યાય કહેવાય જ નહીં. ડખલ છે એની. એનો ડખો થઈ જાય પછી. ચાલીસ વર્ષનું મકાન થઈ ગયું હોય, પછી એ રંગ-રોગાન કરીને મૂઓ નવું કરી આપે. આ બધી હરેક વસ્તુ ક્રમબદ્ધ પર્યાયમાં જ હોય છે. સ્થાવર-જંગમ બેઉ, એટલે તત્ત્વો અને અવસ્થા બે જ ક્રમબદ્ધ પર્યાયમાં હોય છે. તત્ત્વ કયું નથી ? ત્યારે કહે છે, 'ભ્રાંત ચેતન !'

**પ્રશ્નકર્તા :** એ ક્રમબદ્ધ નથી ?

**દાદાશ્રી :** હા, દેહાધ્યાસ ! દેહાધ્યાસ કહો, પણ એ ક્રમબદ્ધ નથી.

**પ્રશ્નકર્તા :** એ શું દાદા, એ ન સમજાયું. એ જરા સમજાવો.

**દાદાશ્રી :** અહંકાર છે એ આમેય (અવળુંય) કરી શકે અને આમેય (સવળુંય) કરી શકે, આ દેહાધ્યાસ છે ત્યાં સુધી. અહંકારરહિત થયો એટલે ક્રમબદ્ધ પર્યાયમાં આવે છે.

## પ્રારબ્ધવાદી કરે ડખો અહંકારે

**પ્રશ્નકર્તા :** પ્રારબ્ધ અને વ્યવસ્થિત બંને નજીક નજીકના શબ્દ છે કે બેઉનો ભેદ છે ?

**દાદાશ્રી :** ના, બહુ ભેદ છે.

**પ્રશ્નકર્તા :** શું ભેદ છે ?

**દાદાશ્રી :** વ્યવસ્થિતમાં ફેરફાર થવાનો નથી. અને પ્રારબ્ધવાદી તો કેવો હોય ? એનો જીવતો અહંકાર હોય. તે ડખો કર્યા વગર રહે નહીં. અને આ જીવતો અહંકાર ના હોય. એટલે એને એક્ઝેક્ટ વ્યવસ્થિત કહ્યું અને પ્રારબ્ધ વ્યવસ્થિતના આધારે જ હોય છે. પણ પ્રારબ્ધ એટલે ડખાવાળું હોય. એને વ્યવસ્થિત ના કહેવાય. આ જ્ઞાન મળ્યા પછી આપણું આ વ્યવસ્થિત ! આ બહારના લોકો પકડે તો મૂર્ખ બની જાય એમાં, કારણ કે ડખો છે એમાં અને આપણે આ તો બધા ચોગરદમના સંજોગો જોઈ લ્યો. જવાય એવું લાગતું નથી, માંડવાળ કરો. પેલા ડખો કરીને ઊભા છે ને? ડખો કર્યા વગર રહે નહીં.

અહંકાર હોય ત્યાં પ્રારબ્ધ હોય અને અહંકાર વગર વ્યવસ્થિત હોય. વ્યવસ્થિત એટલે એક્ઝેક્ટ ! અહંકારની ડખલથી પ્રારબ્ધ ફર્યા કરે. અહંકાર જીવતો છે ને ! અહીં અહંકાર નથી તો વ્યવસ્થિત, એક્ઝેક્ટ ટુ એક્ઝેક્ટ.

## ડખલો ઊભી થાય કર્તાભાવથી

**પ્રશ્નકર્તા :** એટલે પ્રારબ્ધમાં અહંકાર જીવતો છે અને વ્યવસ્થિત ત્યાં એ મરેલો છે એવું કહેવાય ?

**દાદાશ્રી :** પ્રારબ્ધમાં અહંકાર જીવતો છે. અહંકાર મરેલાનો તો મોક્ષ થાય. વ્યવસ્થિત તો 'એક્ઝેક્ટનેસ' છે. અને પ્રારબ્ધમાં તો ત્યાં ડખો કરનારો અહંકાર ઊભો હોય, ત્યાં જાતજાતની ભાંજગડ ઊભી થાય. વ્યવસ્થિત 'એક્ઝેક્ટનેસ' છે. તેને કોઈ ચેન્જ કરી શકે નહીં.

બહાર પ્રારબ્ધ જ કહેવાય, બહાર વ્યવસ્થિત ના કહેવાય. આપણું અહીંનું પ્રારબ્ધ છે ને, તે નવી ડખોડખલ બંધ થઈ ગઈ છે. માટે હવે વ્યવસ્થિત એકલું જ રહે છે અને પ્રારબ્ધ ડખોડખલવાળું હોય.

પ્રારબ્ધ એટલે શું ? ભોક્તાભાવે કર્મ ભોગવવાના અને કર્તાભાવે નવા કરવાના. કર્તાભાવ અને ભોક્તાભાવ, બન્ને પ્રારબ્ધમાં ઉત્પન્ન થાય. હવે એમાં કર્તાભાવથી ડખલ ઊભી થાય અને ભોક્તાભાવ ડખલ વગરનો હોય. હવે અહીં આપણા જ્ઞાન લીધા પછી કર્તાભાવ ઊડી ગયો, એટલે ભોક્તાભાવ એકલો રહ્યો. એને વ્યવસ્થિત કહ્યું આપણે.

## ભ્રાંતિ ગયા પછી જાય ડખો

આ જ્ઞાન પછી 'પ્રારબ્ધ-પુરુષાર્થ' 'આપણ'ને હોતો નથી. તમે આત્મસ્વરૂપ થયા એટલે બિલકુલ 'વ્યવસ્થિત' જ છે. જગતના લોકોને માટે જગત 'વ્યવસ્થિત' નથી. કારણ કે એ પોતે ભ્રાંતિ સ્વરૂપમાં છે, એટલે એ ડખો કર્યાં વગર રહે નહીં. અત્યારે ચા મોડી આવી હોય તો તમે 'વ્યવસ્થિત' સમજી જાવ અને સમભાવે નિકાલ કરીને ઉકેલ લાવો; પણ ડખો ના કરો અને પેલો શું કરે ?

**પ્રશ્નકર્તા :** બૂમાબૂમ કરી નાખે.

**દાદાશ્રી :** આપણે તો 'પુરુષ' થયા, માટે પુરુષાર્થ છે. પણ જગતના લોકોને પુરુષાર્થ વગર તો ભૂમિકા હોય નહીં ને ! એ ભ્રાંત પુરુષાર્થ કહેવાય છે, એ પણ પુરુષાર્થ છે. પણ એય જાણવો જોઈએ ને ? ભ્રાંત-પુરુષાર્થથી ક્રમિક માર્ગમાં આગળ જવાનું મોક્ષ તરફ. હવે જગતના લોકો

કહેશે કે 'આ દુકાન ખૂબ વધારી, ધંધો ખૂબ જમાવ્યો, હું ભણ્યો, હું પહેલે નંબર પાસ થઉં.' એને જ પુરુષાર્થ કહે છે. પણ એ બધું પ્રારબ્ધ છે. ભૂલ સુધારવી પડે કે ના પડે ?

**પ્રશ્નકર્તા :** સુધારવી પડે.

**દાદાશ્રી :** તમે નહીં સુધારો તો ચાલશે. કારણ કે તમારે તો 'વ્યવસ્થિત' હાથમાં આવી ગયું છે ને ! પણ લોકો તો ક્યારે સમજશે આ ?

## લૌકિક જ્ઞાન કરાવે ડખો

આ 'વ્યવસ્થિત'ના જ્ઞાન આગળ લૌકિક જ્ઞાન બધાં જતાં રહે. એટલે પછી શું રહ્યું ? આ આખા જગતને લૌકિક જ્ઞાન પજવી રહ્યું છે, સાધુ-મહારાજ બધાને. ફક્ત એમની કોઈ કાંણ કરનારું નહીં ને ! એમને કોઈની કાંણ કરવાની નહીં, એટલું ઓછું કામ. એ બધા વ્યવહારથી છૂટા થઈ ગયેલા.

છતાં બધે જ્યાં જાય ત્યાં આનો આ જ ડખો. ગઈકાલે શિષ્ય લોટો ખોઈને આવ્યો હોય તે આજ લઈ જતાં પહેલાં 'જો સાચવીને લઈ જજે, હં, તોડીને લાવ્યો તો હવે તને પેસવા નહીં દઉં' કહે. ત્યારે શિષ્ય કહે, 'મહારાજ, સાચવવું કે ના સાચવવું મારા હાથમાં ક્યાં છે ?' ત્યારે એ કહે, 'જો પાછો, એવું બોલે છે ? તારા હાથમાં નથી તો કોના હાથમાં છે ? ભગવાનના હાથમાં છે ?' અલ્યા ! શિષ્ય ગાંડો હોય ને, તોય લોટો ફોડે નહીં. આપણે એને કહીએ, 'ફોડી નાખ ને !' ત્યારે કહે, 'ફોડાતો હશે ?' તો એને શું કરવા ચેતવ ચેતવ કરે છે ? ઊલટો દ્વિધામાં પડી જાય ને ! જેને ટકોર ના મારવાની હોય, તેને ટકોર મારીએ તો શી દશા થાય ?

## પૂર્વકર્મ એટલે પ્રવાહમાં અહંકારે કરીને ડખલ

**પ્રશ્નકર્તા :** હવે પૂર્વકર્મ અને નિયતિ એ બે શું છે એમ ? એ બેય એક જ છે કે જુદા જુદા છે ?

**દાદાશ્રી :** જુદા જુદા છે ત્યારે ભગવાને જુદા લખ્યા છે ને ! જુદા છે માટે જુદા લખ્યા.

**પ્રશ્નકર્તા :** તો આ નિયતિ અને પૂર્વકર્મ એ સંબંધી હવે આપ સમજાવો. એ બે જુદા કેમ છે ?

**દાદાશ્રી :** નિયતિ કુદરતી પ્રવાહ છે. આ જીવમાત્ર પ્રવાહમાં જ છે નિરંતર. એ પરિવર્તનશીલ જ થયા કરે. અને પૂર્વકર્મ પોતે અહંકારે કરીને ડખલ કરેલી છે. ચાલુ પ્રવાહમાં પોતે ડખલ કરી અહંકારે કરીને, એનું નામ પૂર્વકર્મ.

**પ્રશ્નકર્તા :** પણ આ પ્રવાહ એ જીવને કેમ લાગે-વળગે છે ?

**દાદાશ્રી :** જીવ પ્રવાહમાં જ છે એ.

**પ્રશ્નકર્તા :** હા, પ્રવાહમાં છે. પણ પૂર્વકર્મ એને નડે છે એમ આપણે કહીએ છીએ.

**દાદાશ્રી :** પૂર્વકર્મ આપણે ડખલ કરીએ તો નડે. ડખલ ના કરીએ તો કશું વાંધો નથી.

## ડખોડખલ થઈ એટલે નિયતિ ઊડી

**પ્રશ્નકર્તા :** નિયતિ એટલે પ્રવાહ. હવે પ્રવાહ એટલે શું એ સમજાવો.

**દાદાશ્રી :** ગાડી ઉપડે ને, તો દરેક સ્ટેશને એક્ઝેક્ટ એના ટાઈમમાં હોય, બધું હોય. એટલે મુંબઈ આવે ત્યારે એને નિયતિ કહેવાય. એ ડખોડખલ થઈ એટલે નિયતિ ઊડી. એટલે આ ગાડી નિયતિવાળી છે એવું કહે છે.

**પ્રશ્નકર્તા :** એ ડખોડખલ કરવાની સત્તા કોની ?

**દાદાશ્રી :** અહંકારની.

## પ્રવાહમાં ડખલથી અટક્યો મોક્ષ

**પ્રશ્નકર્તા :** હવે નિયતિ જે છે એ જીવને શું અસર કરે છે ?

**દાદાશ્રી :** એ તો કામ કર્યા જ કરે છે. નિરંતર એ બાજુ પ્રવાહમાં લઈ જ જાય છે આગળ, એ જો વચ્ચે ડખલ ના હોત ને, તો સીધું મોક્ષે લઈ જાત.

મનુષ્યગતિમાં આવ્યા પછી મનુષ્ય સ્વ-સ્વભાવમાં રહીને વિસર્જનમાં ડખો ના કરે તો મોક્ષે જ જાય. ડખો કરે તો બીજી ગતિમાં જાય.

**પ્રશ્નકર્તા :** તો પછી જીવે કંઈ કરવા જેવું ખરું કે નહીં ?

**દાદાશ્રી :** કશું કરવા જેવું હતું જ નહીં. પણ આ બુદ્ધિ ઊભી થઈને એટલે અહંકાર ઊભો થાય છે. અને અહંકાર ઊભો થાય છે તે આ ડખલ કરે છે. જો બુદ્ધિ ના વપરાય તો કલ્યાણ થઈ જાય, પણ બુદ્ધિ વપરાયા વગર રહે નહીં ને ! કારણ કે બુદ્ધિ છે એ તો. આ મારા જેવાને બુદ્ધિ જતી રહી હોય ત્યાર પછી વાંધો નહીં. તે પ્રવાહમાં જ આવ્યો. પ્રવાહ એટલે ઉદય કર્મને આધીન. ઉદય કર્મને આધીન એકલું જ રહેવું એનું નામ પ્રવાહમાં. એ મોક્ષે જાય સીધો. પણ ઉદય કર્મને આધીન થઈને રહેતો નથી ને, પોતે સળી કરે પાછો. એ પ્રવાહ જે છે તે નિયતિનો છે, એટલે આ મારામાં બુદ્ધિ જતી રહી એટલે હવે મારે મોક્ષે ના જવું હોય તોય જવું પડે.

**પ્રશ્નકર્તા :** તો નિયતિ એ ઊંચે જ લઈ જાય કે નીચે પણ લઈ જાય?

**દાદાશ્રી :** ના, નિયતિ નીચે લઈ જતી નથી, એ તો અહંકારની ડખલ છે બધી. નિયતિ તો આગળ જ લઈ જાય.

**પ્રશ્નકર્તા :** પણ નિયતિ એટલે કર્મની નિર્જરાને ?

**દાદાશ્રી :** ના, નિયતિ તો એને આગળ લઈ જાય એટલું જ. કર્મ કરાવડાવે એ, અને ભોગવડાવે, નિર્જરાય કરાવડાવે એ, પણ આપણી ડખલ ના હોય તો. પણ આપણી પાકી ડખલ, 'હું કમાયો.' એ ડખલ કરી. આ વર્લ્ડમાં કોઈ કમાયેલો ખરો ? સંડાસ જવાની શક્તિ હશે કોઈને આ દુનિયામાં ?

**પ્રશ્નકર્તા :** એટલે નિયતિએ શું કર્યું ? એણે શક્તિ આપી, સંડાસ જવાની શક્તિ આપી ?

**દાદાશ્રી :** નિયતિ કરી રહી છે, તમારું સંડાસ-બંડાસ. તમારે કશું કરવાની જરૂર જ નથી, નિયતિ જ બધું કામ કરી રહી છે. સવારમાં ઊઠાડે છે તે નિયતિ, ઊંઘાડે તે નિયતિ, બધું નિયતિ જ કરી રહી છે. માણસે કશું કરવાની જરૂર નથી.

## ડખલ ટળે પૂર્વકર્મને આધીન રહેવાથી

**પ્રશ્નકર્તા :** તો પૂર્વકર્મ કરી રહ્યું છે એમ નહીં કહેવાય ?

**દાદાશ્રી :** પૂર્વકર્મ બોલવાનું ને, એ જોખમ છે. બોલવાનું નહીં, પૂર્વકર્મને આધીન રહેવાનું તમારે.

**પ્રશ્નકર્તા :** હા, એટલે એ જ કહું છું કે પૂર્વકર્મને આધીન રહેવાનું એ તો આપણે સમજીએ છીએ, પણ એમાં નિયતિ શું કરે છે ?

**દાદાશ્રી :** હા, પણ આધીન રહેવાનું. પછી સળી ના કરો તો વાંધો નહીં. પૂર્વકર્મના આધીન રહો ને, એ નિયતિમાં આવ્યા, અને પૂર્વકર્મના આધીન ના રહો અને ડખલ કરો તો તમે ડખલમાં પેઠા. ડખલ કર્યા વગર રહે નહીં આ લોકો, નહીં ? ચા મોળી આવી તો તમે શું કરો ? પૂર્વકર્મના

આધીન ચા મોળી આવી આ, રોજ સરસ આવે છે, તો પછી તમે શું કરો તે ઘડીએ ? 'અલ્યા, શું કરો છો ? તમારામાં ભાન નથી, ચા તો મારી મોળી આવી !' એ ડખલ કરી કે પાછો સંસાર વધ્યો !

એટલે કૃપાળુદેવે કહ્યું કે 'જીવતા મરે તો ફરી મરવું ના પડે.' એ નિયતિના હાથમાં ગયું. જીવતા મરી જવું જોઈએ. પ્યાલા ફૂટ્યા પણ મહીં કશી અસર ના થવી જોઈએ. લાખ રૂપિયાનું ગજવું કપાયું પણ એ અસર ના થવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** પણ દરેકે દરેક જીવને નિયતિ પ્રમાણે કાર્ય કરવાનું એટલે એને કંઈ કરવાનું હશે બીજું સંસારમાં ?

**દાદાશ્રી :** નિયતિ પ્રમાણે કરે તો તો બહુ સારું, ડખલ ના કરે તો, પણ ડખલ કર્યા વગર રહે નહીં ને ! અજ્ઞાનની ભ્રાંતિવાળો છે ને ! ભ્રાંતિ છે એટલે એ ડખો કરે છે.

## પરસત્તામાં ડખલથી બંધન

એટલે પોતે આ પરસત્તા સમજી જાય અને પરસત્તામાં પછી પોતે આંગળી ના ઘાલે એકાદ અવતાર, એટલે પછી એ સત્તા જ એને છોડી દે છે અને મુક્ત થઈ જાય છે, બસ. પોતે પરસત્તામાં ડખલ કરે છે, તેથી આ સત્તા એને પકડી રાખે છે. એની સત્તામાં લોકો ડખલ કરે છે. 'મેં કર્યું' કહે છે. ખરેખર સંડાસ જવાની શક્તિ નથી. મેં ફોરેનના ડૉક્ટરોને ભેગા કરી કહ્યું, ત્યારે ઊંચા-નીચા થવા માંડ્યા. પછી મેં કહ્યું, 'જ્યારે અટકશે ત્યારે ખબર પડશે કે તમારી શક્તિ નહોતી.'

**પ્રશ્નકર્તા :** પ્રાકૃતિક શક્તિ છે.

**દાદાશ્રી :** હં, બસ, આ છે તે કુદરત ચલાવે છે, પ્રકૃતિ ચલાવે છે અને પાછાં કહે છે, 'હું ચાલ્યો.'

## કુદરત ચલાવે એમાં ડખો શું કરવાનો ?

કુદરતના હાથમાં કેવી સરસ બાજી છે ! અને તમારા હાથમાં એક ધંધો આવ્યો, અને તેય ધંધો તમારા હાથમાં તો નથી જ, તમે ખાલી માની બેઠા છો કે હું ધંધો કરું છું ! તે ખોટી હાયવોય હાયવોય કરો છો ! દાદરથી મુંબઈ સેન્ટ્રલ ટેક્સીમાં જવાનું થયું, તે મનમાં અથડાશે-અથડાશે કરીને ભડકી મરે. અલ્યા, કોઈ બાપોય અથડાવાનો નથી, તું તારી મેળે આગળ જોઈને ચાલ. તારી ફરજ કેટલી ? તારે આગળ જોઈને ચાલવાનું એટલું જ. ખરી રીતે તો તેય તારી ફરજ નથી, કુદરત તારી પાસે એ પણ કરાવડાવે છે. પણ આગળ જોતો નથી ને ડખો કરે છે. કુદરત તો એવી સરસ છે ! આ અંદર આટલું મોટું કારખાનું ચાલે છે, તો બહાર નહીં ચાલે ? બહાર તો કશું ચલાવવાનું છે જ નહીં.

લોકો કેડો બાંધીને પુરુષાર્થ કરવા જાય છે કે મુંબઈમાં આમ કરવું છે ને તેમ કરવું છે ! મુંબઈ તો એની એ જ રહી છે, કેટલાય શેઠિયા ટૈડ થઈને મરી ગયા ! મુંબઈની આબાદી છે ત્યાં સુધી કોઈ કશું કરનાર નથી. કારણ કે આબાદીને અટકાવવાની સત્તા નથી ને બરબાદીનેય અટકાવવાની સત્તા નથી ! ને તેમાં લોકો પુરુષાર્થ કરવા નીકળ્યા છે ! આ તો માત્ર અહંકાર કરે છે, ડહાપણ કરે છે અને માને છે કે પોતે પુરુષાર્થ કરે છે ! પણ એ પુરુષાર્થ ભ્રાંત ભાષાનો શબ્દ છે, આ સાચી ભાષાનો શબ્દ નથી. પુરુષ થયા વગર પુરુષાર્થ ના થાય. આ તો 'જ્ઞાની પુરુષ' અલખનું લક્ષ બેસાડે, પુરુષ થાય, પછી પુરુષાર્થ માંડી શકે.

## ડખો થાય, થતા પુરુષાર્થના કર્તા થવાથી

આ અત્યારે નાસ્તો અહીં આવ્યો છે, તે ખાવામાં શો પુરુષાર્થ કરવો પડે ? જો આ ખાવાની

ક્રિયામાં પુરુષાર્થ કરવો પડતો હોય તો તે અને જગતનો પુરુષાર્થ બંને સરખા જ છે. ખાવા માટે પુરુષાર્થ કરવો પડે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** તેવું છે. આ ખાવા માટે નૈમિત્તિક પુરુષાર્થ કરવો પડે; હાથ-મોઢું હલાવવું પડે. 'આપણે' ડખો ના કરીએ તો દાંત સરસ રીતે ચાવે, જીભ પણ સારી રીતે રહે. આ તો એકલો પોતે ડખો કરે છે કે 'ખાવાનો પુરુષાર્થ હું કરું છું.' જીભ જો ખાવાનો પુરુષાર્થ કરવા જાય ને, તો બત્રીસ દાંતો વચ્ચે કેટલીયવાર ચવાઈ જાય ! પણ જીભ ડખો કરતી નથી અને એમ નથી કહેતી કે 'હું પુરુષાર્થ કરું છું.' જમતી વખતે જો મિલમાં પુરુષાર્થ ! કરવા ના જાય તો ખાવાની ક્રિયામાં બહુ સરસ રીતે સ્વાભાવિક થાય એમ છે. આ તો માત્ર 'જોવાનું' ને 'જાણવાનું' છે. બધું સ્વાભાવિક રીતે ચાલ્યા કરે એવું છે ! રાત્રે તમે હાંડવો ખાધા પછી સૂઈ જાવ છો ? તે ત્યાર પછી એને પચાવવા માટે શો પુરુષાર્થ કરો છો ?

**પ્રશ્નકર્તા :** ખોરાકના પાચન માટે આઘું-પાછું થવું પડે, હરવું-ફરવું પડે છે.

**દાદાશ્રી :** તે ક્રિયા પાચન માટે નિમિત્ત છે. અને સૂઈ જાવ ત્યારે શ્વાસોચ્છ્વાસ સારા ચાલે છે, તેથી તો માણસ 'ફ્રેશ' થઈ જાય છે. તમે ઊંઘમાં હો છતાં પણ અંદર પાચન માટે જોઈતા પ્રમાણમાં પાચક રસો, 'બાઈલ' વગેરે પડ્યા જ કરે છે. એને ચલાવવા કોણ જાય છે ? જેમ અંદરનું એની મેળે ચાલે છે, તેમ બહારનું બધું પણ એની મેળે જ ચાલે છે. માત્ર નૈમિત્તિક ક્રિયા, પ્રયત્ન વગેરે કરવા પડે. બાકી બધું 'વ્યવસ્થિત' રીતે જ ગોઠવાયેલું હોય છે. જન્મ્યો ત્યારથી જ ભોગવટો, માન-અપમાન, જશ-અપજશ બધું લઈને જ આવેલો છે, પણ આ અહંકાર નડે છે. જે કંઈ ક્રિયા થાય તેમાં પોતાને કર્તા માને છે. આમાં કરવા જેવું શું છે ? માત્ર આત્મા જાણવાનો છે. મહીં હાંડવો નાખીએ છીએ ને મહીં કુદરતી બધી ક્રિયાઓ થાય છે, તેવી જ રીતે બહાર બધું કુદરતી રીતે જ ચાલે છે. કેટલો ખોરાક, કેટલાં પગલાં, શી રીતે ચાલવું, કેટલું ચાલવાનું, બધું એની મેળે જ થયા કરે છે.

## ડખાથી ઊભો થાય આવતો ભવ

એટલે વસ્તુસ્થિતિમાં વ્યવસ્થિતને બહુ જ એડજસ્ટ કરી લો. બધો વ્યવહાર 'વ્યવસ્થિત' ચલાવી જ લે છે. કશું ડહાપણ કરવા જેવું નથી. ગમે તે ખોરાક પેટમાં નાખીએ છીએ ને રાતે ઊંઘી ગયા પછી કોણ ચલાવે છે ? મહીં પિત્તરસ, પાચકરસ બધું નાખવાનું-એ બધું જ 'વ્યવસ્થિત' ચલાવે છે. હવે જે અંદર ચલાવે છે, તે બહાર નહીં ચલાવે ? પણ આ તો બહાર વખતે પોતે જાગતો છે ને તેથી ડખો કર્યા વગર રહે નહીં ને ! એ જ આવતો ભવ ઊભો કરે છે અને એનું નામ જ આવતા ભવનો સંસાર ઊભો કર્યો. અને આમ ઊંઘી ગયો હોય ને, તે ઘડીએ પચ્ચીસ પ્યાલા ફૂટી ગયા હોય તોય વાંધો નથી. પછી બાઈસાહેબ શું કહે કે એમના જાગતાં પહેલાં બધા ટુકડા બહાર નાખી દો, નહીં તો એ જાગશે કે તરત ડખો કરશે. એટલે ઊંઘમાં જતું જ રહે છે ને, તેવું હવે ઉઘાડી આંખે ઊંઘો. પછી વ્યવહાર કેવો થાય છે તે તો જુઓ. આખી રાત ઊંઘે છતાં દાઢી એમ ને એમ ઊગે છે ને ? આ સવારે ઊઠ્યા તો આંખોથી દેખો છો ને ? ઊઠ્યા તો કાનથી તરત સંભળાય છે ને ? તો આ બધું એડજસ્ટમેન્ટ કોણે કર્યું ? એટલે હવે થોડુંક જાગ્રત થવાની જરૂર છે.

## વ્યવહારમાં જાગતા ઊંઘો તો ન રહે ડખો

જગતવ્યવહાર ચલાવવા માટે આપણે કશું કરવાનું હોતું જ નથી. વ્યવહાર વ્યવસ્થિત ચલાવી જ લે છે, 'એક્ઝેક્ટ' ચલાવી જ લે છે. આપણે

ઊંઘી જઈએ તોય મહીં ખાવાનું પચે છે, તો પછી જગતમાં નહીં ચાલે ? એટલે આપણે શું કહ્યું કે થોડું ઘણું જાગતા ઊંઘવું પડે. જાગતા ઊંઘવું એટલે શું કે આપણે જાગતા હોઈએ અને પ્યાલો ફૂટે તો તે આપણે ઊંઘતા હોય ને પ્યાલો ફૂટે એવી અસર થવી જોઈએ. અસરમાં ફેર ના પડવો જોઈએ. આપણે ઊંઘતા હોય ને પ્યાલો ફૂટે ત્યારે કેવા ડાહ્યા રહીએ છીએ ? અને જાગતા ફૂટે ત્યારે કોણ વચ્ચે આમાં ભૂત પેઠું ? એ અહંકાર ને મમતાનું ભૂત પેઠું. એ ભૂતને આપણે ઓળખો એટલે પછી જાગતા ઊંઘાય એટલે ઉઘાડી આંખે ઊંઘવું, તો કશી ભાંજગડ જ નહીં ને ! અને તે શું ખોટું છે ?

## વણમાગી સલાહ આપવાથી ડખો

એવું છે, કે વ્યવસ્થિતની બહાર વ્યવહારમાં કશું થતું જ નથી. અને વ્યવહાર જેટલો ફેરવવા જાય છે ને, તેટલો મહીં ભરેલો અહંકાર છે. એટલે આપણે એટલું સમજી લેવાનું કે આ વ્યવસ્થિત છે, તેનું આપણે અવ્યવસ્થિત કરીને શું કામ છે ?

વ્યવહારમાં પૂછે તો જ જવાબ આપવો. એમ ને એમ ડખલ કરવી જ નહીં. તેમ છતાં બોલાઈ જવાયું, તે પહેલાંનો ભરેલો માલ છે. કારણ કે આપણું આ અક્રમ છે ને, તે કર્મો ખપાવ્યા વગર આવ્યા છીએ એટલે ભરેલો માલ નીકળે.

**પ્રશ્નકર્તા :** પણ કોઈ વખત જાણી-જોઈને કહેવું પડે એટલા માટે કહું છું.

**દાદાશ્રી :** ના, કહેવા માટે તો આ જગતમાં કંઈ છે જ નહીં. એ પૂછે તો કહેવા જેવું. એ પૂછે કે આ શું કરવાનું છે ? ત્યારે આપણે કહેવાનું. બાકી, મનમાં તો ઈચ્છા કેવી રાખવી કે આ ના પૂછે તો સારું. પેલું તો વગર પૂછ્યે જ માલ આપ આપ કરીએ. ઘરાક ના કહે ને આપણે માલ આપ આપ કરીએ તો ઘરાકને અકળામણ ના થાય ? તે ઘરાક પછી માથામાં જ મારે આપણને. પણ એ પૂછે તો જવાબ દેવો પડે. અમને કોઈક પૂછવા આવે તો અમે જાણીએ કે આ વળી ક્યાં ઉપાધિ આવી ? ધર્મની બાબત પૂછવા આવે તો ઠીક છે, પણ વ્યવહારની બાબત પૂછવા આવે તો ઉપાધિ સ્વરૂપ લાગે. પણ અમે વ્યવહારમાં કશું બોલીએ નહીં. મીઠું વધારે હોય તોય અમે બોલીએ શું કરવા તે ? બોલીએ તો ઉપાધિ થાય ને !

## ભોક્તાપણામાં ન હોય ડખલ

વ્યવહાર તો વ્યવસ્થિત જે પ્રમાણે ચલાવે છે એ શુદ્ધ વ્યવહાર છે અને તેમાં 'આપણે' ડખો કરીએ એ અશુદ્ધ થયું, ડખો કરવો નહીં.

**પ્રશ્નકર્તા :** વ્યવહાર એ શુદ્ધ વ્યવહાર કેવી રીતે જાણી શકાય ?

**દાદાશ્રી :** વ્યવહાર એ શુદ્ધ વ્યવહાર ક્યારે જાણી શકાય કે આ વ્યવસ્થિતમાં તમે એક્ઝેક્ટ રહો ત્યારે. એક્ઝેક્ટ વ્યવસ્થિત સમજો ને એક્ઝેક્ટ રહો. આ જગતમાં કર્તાપણું છૂટી ગયું છે, એટલે રહ્યું કયું ? પહેલાં કર્તા-ભોક્તા બેઉ હતો, તે કર્તાપણું છૂટી ગયું એટલે ભોક્તાપણું રહ્યું. ભોક્તાપણામાં કર્તા નથી. એટલે ડખલ કરે નહીં. ડખલ કરનારો કર્તા છે. એટલે ભોક્તાપણું જે છે એ બધું યોજનાબદ્ધ છે. જેમ તમારે કોઈ યોજના થયા પછી ત્યાં આગળ કામ થાય તો યોજનાબદ્ધ ચાલ્યા કરે ને ! તે આ યોજના ઉપર જ છે, એ ભોક્તાપણું છે. એટલે તમારે હવે એમાં એ પ્રમાણે જો કદી વ્યવસ્થિતને માનીને ચાલે તો શુદ્ધ વ્યવહાર કહેવાય.

## ડખોડખલ ના કરો, એનું નામ વ્યવસ્થિત

**પ્રશ્નકર્તા :** એ વ્યવસ્થિતમાં કેવી રીતે ?

**દાદાશ્રી :** વ્યવસ્થિત એટલે ચંદુભાઈ જે કાર્ય કરતા હોય, તે કાર્યને આપણે જોયા કરવું એનું નામ વ્યવસ્થિત. પછી જે કંઈ કાર્ય કરે,

ખરાબ, સારું, ખોટું, જે કરે તે. એ તમે જોયા કરો, ડખોડખલ ના કરો, એનું નામ વ્યવસ્થિત.

**પ્રશ્નકર્તા :** તો પછી એ દ્રષ્ટાભાવમાં રહ્યા કહેવાય ને ?

**દાદાશ્રી :** તે એ જ વ્યવસ્થિત. કારણ કે વ્યવસ્થિત જ છે એ. બીજું કરવાનું નથી, ડખોડખલ કરશો તો ઊંધું થશે અને જે ખોટું-ખરું છે તે ટાંકીમાં માલ ભરેલો છે તે નીકળે. નવું ટાંકીમાં આવવાનું બંધ છે. જૂનું છે એ ડિસ્ચાર્જ થાય છે અને નવું ચાર્જ થતું નથી. એટલે જે છે ભરેલું તે કોઈ ડામરવાળું હોય, તો પણ ભર્યો છે તે માલ નીકળે છે, કંઈ નવો માલ નીકળતો નથી. એટલે તમારે શું કરવાનું કે ચંદુભાઈ જે કરે તે તમારે જોયા કરવાનું. ચંદુભાઈના મનમાંય આપણે ઘુસવાની જરૂર નહીં. એમના મનમાં ખરાબ વિચાર આવે કે સારા વિચાર આવે તો આપણે એય જોયા કરવાના. એટલે તમને સમજાયું થોડું ?

## ડખો નહીં તે શુદ્ધ વ્યવહાર

શુદ્ધ વ્યવહાર એટલે આત્મા કંઈ પણ ડખો ના કરે. આત્મા જાણ્યા કરે ને વ્યવહાર ચાલ્યા કરે, એનું નામ શુદ્ધ વ્યવહાર. પછી એ ગમે તે હોય, ડૉક્ટરનું દવાખાનું ચલાવતા હોય કે ખેતી કરતો હોય કે વ્યાપાર હોય એ જોવાનું નથી. આત્મા ક્યાં વર્તે છે એટલું જ જોવાનું છે. બીજી હિંસા ખરી રીતે તો રિયલી સ્પિકિંગ છે જ નહીં. કોઈ જીવ મરતોય નથી ને જન્મ પામતોય નથી. આ તો બધાં પુદ્‌ગલનાં પૂતળાં ઊભાં થાય છે ને સ્પંદનો વાગે છે. તે એ સામા બીજા સ્પંદનો મારે છે. પણ એમાં પોતાને એવી ભ્રાંતિ છે કે 'આ હું છું.' એટલે જ પોતાને એનો દોષ બેસે છે !

શુદ્ધ વ્યવહાર કોનું નામ કહેવાય કે વ્યવહારમાં મમતા નહીં, એનું નામ શુદ્ધ વ્યવહાર. પછી ગમે તેવો હોય, એની સાથે આપણે જરૂર નથી. જો વ્યવહારમાં મમતા હોય ત્યાં કષાય હોય અને તે શુદ્ધ વ્યવહાર કહેવાય નહીં.

## મિકેનિકલમાં હેન્ડલ મારી કરે ડખો

**પ્રશ્નકર્તા :** અમે નિશ્ચય અને વ્યવહારમાં ગૂંચવાઈએ છીએ.

**દાદાશ્રી :** શી બાબત ? શાથી ગૂંચાવ છો ? નિશ્ચય એ નિશ્ચય છે અને વ્યવહાર એ વ્યવહાર છે. વ્યવહાર દ્રશ્ય અને જ્ઞેય છે અને નિશ્ચય એ દ્રષ્ટા અને જ્ઞાતા છે. બેઉ જુદી જ વસ્તુ છે, પછી ગૂંચાવાની જરૂર જ ક્યાં રહી ?

**પ્રશ્નકર્તા :** વ્યવહાર કરવા જઈએ તો નિશ્ચયમાંથી ચૂકી જવાય છે.

**દાદાશ્રી :** ના ચૂકાય. કારણ કે વ્યવહાર છે એ એના જાણનાર સહિત છે. જાણનાર ના હોય તો વ્યવહાર પણ ના હોય. વ્યવહાર છે તો એનો જાણકાર હોવો જોઈએ અને નિશ્ચય છે એટલે પોતે જાણવા જવું ન પડે. નિશ્ચય પોતે જાણકાર હોય જ પછી. આપણે શા સારુ જાણવા જવું પડે? આપણે વ્યવહારના જાણકાર છીએ.

**પ્રશ્નકર્તા :** પણ વ્યવહાર ઓછો થાય તો નિશ્ચય તરફ એકાગ્રતા આવે.

**દાદાશ્રી :** એવું નહીં, નિશ્ચય શું કહે છે ? ધેર ઈઝ નો કંડીશન ઈન નિશ્ચય (નિશ્ચયમાં કોઈ શરત નથી). કંડીશન (શરત) પણ નથી એમાં. કંડીશન નહીં હોય ત્યારે એ નિશ્ચય રહેશે. કોઈ પણ પ્રકારની કંડીશન ના હોય.

આ બધા વ્યવહારનું કાર્ય કરવામાં તન્મયાકાર હતા અને પોતે નિશ્ચયમાં રહેતા હતા, એ જોયું કે ના જોયું ?

હવે જો નિશ્ચય જાણકાર છે ને વ્યવહાર

કરનાર છે, તો વ્યવહાર એને કરનારા સહિત હોય. વ્યવહારનો કરનારો હોય તો જ એ વ્યવહાર હોય, નહીં તો વ્યવહાર શી રીતે હોય ? એ કરનારને તમે ઓળખતા નથી, એટલે એમ જાણો કે હું જ કરવા બેસું છું આ. પણ વ્યવહાર કરનારો હોયજ.

એટલે વ્યવહાર, વ્યવહારના કરનારા સાથે જ હોય છે. જેમ આપણે જમવું હોય ને, તો આંગળા એની મેળે જ કામ કર્યે જ જાય. તમે નિશ્ચયમાં રહો, એ બધું કામ કર્યે જશે. અને જો તમે આમાં પેઠા તો ભૂલચૂક થશે પાછી. વ્યવહારને વ્યવહાર રહેવા દો, બહુ જ સુંદર કરશે. કારણ કે મિકેનિકલી છે. મિકેનિકલીમાં ભૂલ ના થાય. પણ મિકેનિકલમાં પોતે પાછો આમ હેન્ડલ મારે છે. અરે મૂઆ, એ ના મારીશ. એ ચાલે જ છે, પણ આ ડખો કરે !

## કરનાર જ નથી કોઈ, તો ડખો ક્યાં ?

આ જગત આખું ડખો જ કરે છે ને ! વ્યવહાર ચાલ્યા જ કરે છે, એની મહીં ડખો જ કર્યા કરે છે. આમ વ્યવહારમાં કરનારા જોડે હોય જ. વ્યવહાર પોતે જ એમ કહે કે અમારે હવે જમવા જવું છે. ત્યારે આપણે કહીએ, ચાલ. પણ એ વ્યવહાર જ જમી રહ્યો છે. ઈન્ફર્મેશનો (જાણકારી) હઉ આપે. અમારે ભૂખ લાગી છે, તે ઈન્ફોર્મ (જાણ) કરે છે. તૃષા લાગી હોય તેય ઈન્ફોર્મ કરે. વ્યવહાર પોતે જ ઈન્ફોર્મ કરે. તે વ્યવહારને જોયા કરવાનો. ભૂખ લાગી, તે શું ખાય છે, શું નહીં ? બે હાથે જમે છે કે એક હાથે જમે છે ? ઉતાવળ છે તો કહે, 'લાવ ને, બે હાથે ખઈ જઈએ ?' ના !

આ થાક લાગે છે, ત્યારે કંઈ આપણે ઊંઘી જવાનું છે ? એ થાક લાગે છે ને, તે આપણને ઈન્ફોર્મ કરે છે કે હું આ સૂઈ જઉં છું. ત્યારે આપણે કહીએ, 'સૂઈ જાવ, હા, જરા પથારીમાં ઓશિકું એક છે, તો ભઈ, બે લો નિરાંતે. હંઅ.. આરામથી સૂઈ જાવ ને ! ચાદર બદલવી હોય તો બદલી નાખો.' એ એની મેળે જ આ બધો વ્યવહાર થાય અને વ્યવહારનો કરનારો, વ્યવહારની સહિત હોય જ. નહીં તો વ્યવહાર કેમ કરીને હોય? વ્યવહાર હોઈ શકે નહીં !

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, આખો જ ફરક આવી ગયો કે વ્યવહાર હું કરતો નથી. અને આ વ્યવહાર 'હું કરું છું' એમ કરીને ચાલતા હતા.

**દાદાશ્રી :** નહીં, પણ આ 'હું' કરવાનો સવાલ જ નથી. હું કરતો નથી અને તેય કરતો નથી, એ પણ સવાલ નથી. વ્યવહાર કરનારો એ હોય જ, તેને આપણે જોયા કરવાનું, કે કોણ કરે છે આ ?

## વ્યવહારના કરનારને જોવાથી ના રહે ડખો

આપણું જ્ઞાન એવું છે કે વ્યવહારના કરનારાને દેખાડશે કે આ બન્યું, જુઓ ને ! આ વાક્ય ઘણું ઊંચું છે, સમજવા જેવું છે. આજે જ વાક્ય નીકળ્યું, અમેય વિચારમાં પડી ગયા ! અમારે ખ્યાલમાં હતું પણ શબ્દરૂપે ન હતું. એ તો પૂછવું પડે ત્યારે. આ તો વગર પૂછે ના નીકળે. પણ પૂછીને લેવાનું, આ રેડિયો ન્હોય.

વ્યવહાર વ્યવહારના કરનારાના સહિત જ હોય. એટલે પછી એમાં ડખો જ ના રહ્યો ને આપણે જાણ્યું કે ઓહો, વ્યવહારનો કરનારો છે. પછી આ ક્યાં આપણે ડખો રહ્યો ? એ જોયા કરીએ એટલે વ્યવહારનો કરનારો કર્યા જ કરતો હોય. પણ પેલું વચ્ચે ડહાપણ કરવા જતા હતા મહીં, વ્યવહારના કરનારાના આવતા પહેલાં પેસી જાય. એટલે વ્યવહારનો કરનારો બહાર ઊભો રહે બિચારો !

વાક્ય ઘણું સરસ છે. કોઈ કોઈ વખત નીકળી જાય છે આવું. આ 'જ્ઞાન' અમારા લક્ષમાં ખરું પણ એ જ્ઞાન શબ્દમાં આવેલું નહીં. વ્યવહાર વ્યવહારના કરનારા સહિત જ હોય. એટલે તમારે ડખો નહીં કરવાનો કંઈ. વ્યવહારમાં ઉતરવું જ ના પડે. નિશ્ચય-વ્યવહાર આવ્યા એટલે ત્યાં આગળ વ્યવહાર જુદો જ પડે.

**પ્રશ્નકર્તા :** પછી આગળ એમ નહીં કહો કે એનો કરનારો હું નથી ?

**દાદાશ્રી :** ના, એવું કહીએ ત્યાં તો ઉપાધિ ને ! વ્યવહાર કરનારા સહિત જ હોય, એમ કહ્યું એટલે ત્યાંથી સમજી જવાનું. એ પાછા હું નથી કહેવામાં શું થાય છે, કે પેલા બધાને રીસ ચઢે. અમે કોઈ દહાડો એવું ના બોલીએ કે આ હું નથી કરતો. એ પેલા બધા નહીં કરે પછી. એમેય આ આપણે 'હું નથી કરતો ને હું કરું છું' એ કહેવાનું તે આપણા પાસે હતું જ ક્યાં આગળ ? આપણે જ્ઞાતા-દ્રષ્ટાવાળાને આ વાત, આ શબ્દ ક્યાંથી હોય? જ્ઞાતા-દ્રષ્ટા થયા પછી આપણી ભાષા જ બદલાઈ જવી જોઈએ. વાક્ય ઘણું ઊંચું છે કે વ્યવહાર, વ્યવહારના કરનારા સહિત જ હોય. એટલે બોજા વગરની વાત થઈ. વ્યવહાર નિર્બોજ થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** પણ દાદાજી, હું શું સમજ્યો છું કે એ કરનારો વ્યવસ્થિત જ છે ને ?

**દાદાશ્રી :** વ્યવસ્થિત છે, પણ તે આ એના કરનારા સહિત જ છે.

### વ્યવસ્થિત નહીં સમજવાથી ડખોડખલ

હવે આ વ્યવસ્થિત જો યથાર્થ સમજે ને, તો ઓફિસમાં આઠ કલાકનું કામ એક કલાકમાં પતે એવું છે. એક જ કલાકમાં પતે એટલું દર્શન ઊંચું જાય.

વ્યવસ્થિત શક્તિ આપણે કહી છે ને, તે આ શરીરનાં બધા અવયવો એને તાબે છે. એટલે આપણે સહજ ભાવમાં 'હું શુદ્ધાત્મા છું' એમ માનીને વ્યવસ્થિતને સોંપી દઈએ અને ડખોડખલ ના કરીએ. 'કામે નહીં જાય તો શું બગડી જશે' એવું કંઈ ના બોલાય, એ ડખોડખલ કહેવાય. જવાનું આપણી સત્તામાં નથી, તો એવું કેમ બોલાય? એ ડખોડખલ કરે છે ને, તેને લીધે વાત સમજાતી નથી. નહીં તો બહુ જ સહેલાઈથી કામ પતી જાય. સંસાર બહુ સરસ ચાલે તેવો છે.

ઔરંગાબાદ જવાનું છે ત્યારે કોઈક બહુ દોઢ ડાહ્યો હોય તે વિચાર કરી નાખે કે આટલું માણસ આવવાનું છે, તો આપણું ખાવાનું ઠેકાણું શાનું પડશે? પડશે કે નહીં ? ત્યાં સુવાનું ઠેકાણું પડશે કે નહીં પડે? હવે બહુ વિચાર કર કર કરે તો એને ઔરંગાબાદનો ભેટો થાય ખરો ?

**પ્રશ્નકર્તા :** ક્યાંથી થાય ?

**દાદાશ્રી :** ઔરંગાબાદ જવાનું છે એટલે ટાઈમ બધું કામ કરશે, એવું કહેવું. એ વ્યવસ્થિતના આધીન છે. એટલે જે ટાઈમે જે કામ થવાનું છે એ ટાઈમ જ ઈટસેલ્ફ કામ કરશે.

બગાડ્યા પછી સુધરે તો ખરું, પણ બગડે છે તે ઘડીએ ધ્યાન બગડી જાય છે. અસર ના થાય ને, તો આપણું આ જ્ઞાન સાચું કહેવાય. એટલે ધ્યાન બગડે નહીં એવી તે ઘડીએ એટલી બધી તૈયારી રાખીએ.

આ જગતમાં કશો ફેરફાર થઈ શકવાનો નથી, તો શેના માટે આપણે વિચાર કરવાનો ? એક ફેરો વ્યવસ્થિત થઈ ગયેલું છે, આપણે તો ફક્ત પ્રયત્ન કરીએ. આપણે કહેવું, 'ચંદુભાઈ પ્રયત્ન કરો, પ્રયત્ન કરો.' અને આ ના મળ્યું, તે ચંદુભાઈ કંટાળી જાય ત્યારે કહીએ, 'ભઈ, લે !

તને આ બીજી વસ્તુ આપીએ છીએ.' એમ કરીને ચંદુભાઈને ખુશ રાખવાના આપણે. પાડોશીને જેમ તેમ કરીને અટાવી-પટાવીને કામ લેવાનું. આપણે કશું જોઈતું નથી, અપરિગ્રહી છીએ સંપૂર્ણ ! વ્યવસ્થિત થોડું ઘણું સમજાયું કે ? સમજમાં આવે છે ને ?

### વ્યવસ્થિત સમજવામાં બુદ્ધિ કરે ડખલ

**પ્રશ્નકર્તા :** ઘણીવાર થાય છે એવું, 'વ્યવસ્થિત છે' એવું કહીએ તો પણ મન માને નહીં ને કાવાદાવા કરે જ.

**દાદાશ્રી :** માને નહીં એવું મન છે ? એટલે વ્યવસ્થિત કે બીજું કશું જ્ઞાન પહોંચે જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** એટલે એવું બહુ હાલી જાય, બધું !

**દાદાશ્રી :** તારે હઉ થઈ જાય ?

**પ્રશ્નકર્તા :** મારે તો વહેલું થાય.

**દાદાશ્રી :** તારે થઈ જાય ? બેઉ કાચા ફુસ ! નહીં તો આ તો કાચો નથી પડતો. વ્યવસ્થિત કહી દીધું એટલે કહી દીધું !

**પ્રશ્નકર્તા :** એટલે આ બધું રાગે પડેલું બધું બગડી જાય પછી.

**દાદાશ્રી :** વળી કો'ક શું બગાડતું આપણે ઘેર ? એક-બે દહાડા કોઈ બગાડી જાય, પછી ત્રીજા દહાડાથી એમનો સાંધો જ તોડી નાખીએ ને !

**પ્રશ્નકર્તા :** પણ પછી એવું થાય કે આવું કેવું વ્યવસ્થિત ?

**દાદાશ્રી :** વ્યવસ્થિતને પાછું વખોડી કાઢું છું ? ઓહોહો ! જુદી જાત ! તેં એવું નથી કહ્યું કોઈ દહાડો, નહીં ? આ તો તારા કરતાંય જબરા ! આ તો બહુ વસમું ! વ્યવસ્થિત એટલે વ્યવસ્થિત. નહીં તો અવ્યવસ્થિત ના કહેત આપણે ? અંધારી રાત્રે, ગમે તે ટાઈમે હોય, કબૂલ કરવા જેવી વસ્તુ એ ! આવું કેવું વ્યવસ્થિત ? એ બુદ્ધિ દેખાડે ! તે બુદ્ધિને એટલી બધી પંપાળ પંપાળ કરી હોય, તો ચઢી બેસે પછી !

બુદ્ધિ ડખલ ન કરે તો વ્યવસ્થિત લાગે જ એમાં. એ તો એમાંથી બુદ્ધિ એકલી વચ્ચે ડખલ કરે છે. જેમ બુદ્ધિ અત્યારે સાચી હોય ત્યારે આવું ના કરે. ડખલ તો ઊંધી બુદ્ધિ, વિપરીત બુદ્ધિ કરે, સાચી બુદ્ધિ ડખલ ના કરે.

### ઉદયકર્મને આધીન રહે તો ના રહે ડખો

**પ્રશ્નકર્તા :** આપણે નિશ્ચય કરીએ, એનાથી વ્યવસ્થિતમાં ફેરફાર થાય ?

**દાદાશ્રી :** નિશ્ચય કરો તેય પૂર્વનો ડિસ્ચાર્જ છે ને નિશ્ચય ના કરો તેય પૂર્વનો ડિસ્ચાર્જ છે. કેવો નિશ્ચય થાય છે, તેના પર વ્યવસ્થિત છે. માટે શું થાય છે તે જુઓ !

નિશ્ચય કરવાનાય આપણે કર્તા નથી. આ તો ડિસ્ચાર્જ સ્વરૂપ નિશ્ચય છે.

**પ્રશ્નકર્તા :** તો પૂર્વના ડિસ્ચાર્જમાં હશે તે થશે, એવું બોલાય નહીં ને ?

**દાદાશ્રી :** એવું બોલાય જ નહીં, એ તો જોખમ છે. ઘેર જમાઈ માંદા હોય ને આપણે કહીએ કે ડિસ્ચાર્જમાં હોય તે થશે. તે બધા કામકાજ ના કરે. હવે આય ડિસ્ચાર્જ છે, પણ આવું ઘરમાં કહે તો સમજવું કે જમાઈ મરવાના થયા.

હા, અનુભવ જ્ઞાની હોય તેને પ્રયત્ન સહજ થયા કરે. એ ઉદય કર્મને આધીન રહે અને આ લોકો તો ડખો કર્યા વગર ના રહે. આ લોકો ઉદયકર્મને આધીન રહે નહીં. એટલે અમે એને

પ્રયત્ન કરવાનો કહીએ છીએ, નહીં તો આવતો ભવ બગાડે.

## સહજ પ્રયત્ન ત્યાં ના હોય ડખો

અમે શું કહીએ છીએ, આપણી પુણ્યૈનું ખાવ! પુણ્યૈ કોનું નામ કે ઘેર સવારના સાડા પાંચ વાગે ઊઠાડે કે 'ભઈ, અમારે બંગલો બંધાવવો છે. કન્ટ્રાક્ટ તમને આપવો છે.' જો ધણી દોડધામ ના કરતો હોય તો વ્યવસ્થિત ધણીને ઊઠાડવા આવે અને ધણી જો દોડધામ કરતો હોય બંગલા હારુ તો વ્યવસ્થિત કહેશે, 'જરા થાય છે હવે !'

વ્યવસ્થિતની બહાર કશું થાય એવું નથી, આપણે વ્યવસ્થિતનો અર્થ એવો ના કરવો જોઈએ. વ્યવસ્થિત કહેવું હોય તો આપણો પ્રયત્ન હોવો જોઈએ. પ્રયત્નો તે વ્યવસ્થિત કરાવે એટલા જ. પણ આપણી શું ઈચ્છા હોવી જોઈએ ? પ્રયત્ન કરવાની. પછી વ્યવસ્થિત જેટલા કરાવે તેટલા પ્રયત્ન કરવાના. પ્રયત્ન એટલે સવારે દસ વાગ્યાથી હેંડવા માંડ્યા, તે ઊઘરાણીમાં પેલો ભાઈ બાર વાગે ના ભેગો થયો. પછી ઘેર આવીને ફરી પાછાં દોઢ વાગ્યે જઈએ એવું નહીં. પ્રયત્ન એક ફેરો જઈ આવવાનું. ફરી પાછો વિચાર નહીં. આ તો પ્રયત્ન કરે તે કેટલું ? ધક્કા ખા ખા કરે.

સહજ પ્રયત્ન તે કોનું નામ કહેવાય છે કે આપણે જેને ખોળતા હોય તે સામો મળે. એ ઘેર જઈએ તો જડે એમ નહીં, પણ આપણે હેંડતી વખતે સામો ભેગો થાય. અમારે બધા સહજ પ્રયત્ન થાય. સહેજા સહેજ એવા હિસાબે બધા ગોઠવાયેલા, ડખો નહીં ને કોઈ જાતનો.

## ડખલ કરે તેનેય જગત વ્યવસ્થિત

**પ્રશ્નકર્તા :** 'કોઈ કર્તા નથી' કહ્યું, એનો અર્થ એમ કે વ્યવસ્થિત ગોઠવાયેલું છે ?

**દાદાશ્રી :** ખરેખર ગોઠવાયેલું છે, પણ આ લોકોને કહેવાય નહીં એવું. એવું કહે તો આ લોકો કેવા છે ? હાથેય હલાવે નહીં, એવા છે. હાથને કહેશે, 'તું હાલીશ જ નહીં.' તો ઊંધી પ્રક્રિયા થઈ જશે. સહજ રીતે રહેવાનું. જો સહજ રીતે રહી શકતો હોય, જે મન-વચન-કાયામાં ડખલ નહીં કરતો હોય, તેને વ્યવસ્થિત જ છે જગત, ગોઠવાયેલું જ છે! પણ આ તો મન-વચન-કાયામાં ડખલ કરે કે હવે નહીં જઈએ તો ચાલશે. આ સમજવાનું છે. અહીં આગળ ડખલ કરે, એ જે રડારડ કરશે તેનેય વ્યવસ્થિત છે, અને જે હસીને કરશે તેનેય વ્યવસ્થિત છે. કશું વળે એવું નથી.

## વ્યવસ્થિતના દુરુપયોગે થાય ડખોડખલ

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત એટલે બધું ગોઠવાયેલું જ છેને, એવું કહેવાય ?

**દાદાશ્રી :** હા, એમ બોલ બોલ ના કરવું જોઈએ કે 'વ્યવસ્થિતમાં હશે તો સત્સંગમાં જવાશે.' એવું બોલવાનું નહીં, નહીં તો પછી ના જવાય. આપણે 'જવું છે' એવું નક્કી કરવાનું. નક્કી કર્યા પછી સામું કોઈ આડું આવે તો 'વ્યવસ્થિત' કહીને આપણે સમભાવે ફાઈલનો નિકાલ કરવાનો. એટલે 'વ્યવસ્થિત'નો દુરુપયોગ ના થવો જોઈએ. આ 'વ્યવસ્થિત'નું જ્ઞાન તો બહુ શાંતિ આપે, જરાય ઉપાધિ ના થવા દે!

આ જ્ઞાન દુરુપયોગ કરે તો ડખલ કર્યા વગર રહે નહીં એ ! એટલે ડખોડખલ નહીં કરવાની, સહજ ભાવે રહેવાનું. અમે રહીએ છીએ ને, સહજ ભાવે ! 'મારે' 'પટેલ'ને કહેવાનું કે રોજ ચાર વાગ્યે સત્સંગમાં જવાનું, નહીં તો પછી થઈ જ રહ્યું ને! એવું 'ગોઠવાયેલું' કહે એટલે ખલાસ થઈ ગયું ! ગોઠવાયેલું કહેવાય નહીં. છે ગોઠવાયેલું, પણ તે જ્ઞાનીની દૃષ્ટિએ ગોઠવાયેલું છે અને તમને આ વાત જ્ઞાની અવલંબનરૂપે આપે.

આ એક્ઝેક્ટ અવલંબન છે, પણ એ અમારી કહેલી સમજણ પ્રમાણે વાપરજો. તમારી સમજણ પ્રમાણે વાપરશો નહીં.

## પહેલેથી જ વ્યવસ્થિત કહેવાથી થાય ડખો

**પ્રશ્નકર્તા :** ગાડી સમજણપૂર્વક ચલાવવાની એ જે વાત છે એમાં ડિસ્ચાર્જનો ભાગ કેટલો અને સમજણનો ભાગ કેટલો ?

**દાદાશ્રી :** ગાડી ચલાવવી એ ભાગ બધોય ડિસ્ચાર્જ છે. એ સમજણપૂર્વક ચલાવવાની જે સાવધાની છે, એય ડિસ્ચાર્જ છે.

**પ્રશ્નકર્તા :** ડિસ્ચાર્જ ભાવ એ જ વ્યવસ્થિત, તો સમજણપૂર્વક ચલાવવું એ પણ વ્યવસ્થિત ?

**દાદાશ્રી :** એ વ્યવસ્થિતમાં જ હોય છે. એને આ પહેલેથી 'વ્યવસ્થિત' કહીને એ હલાવી નાખે છે.

હું તમને કહું, એક માણસ સહી કાયમ સરખી કરે ખરો ? એનો એ જ માણસ હોય, એને ચીઢવ્યો હોય, તે ઘડીએ સહી કરે તો કેવી કરે ?

**પ્રશ્નકર્તા :** તો ફેર પડી જાય. બાકી નહીં તો એક જ ધારી થાય.

**દાદાશ્રી :** પછી ખૂબ દાઝ નીકળતી હોય તો ? અને આમ ફૂલની માળાઓ પહેરાવીને ખૂબ એ કરી નાખ્યો હોય તો સહી કેવી કરે ?

**પ્રશ્નકર્તા :** તેમાંય ફેર પડી જાય.

**દાદાશ્રી :** ગભરાયેલો સહી કરે તે જુદી, ચીઢાયેલો સહી કરે તે જુદી. એવું આ ઈમોશનલ ના થવું જોઈએ. ઈમોશનલ થાય તેથી કામ બગડી જાય, એનું એ જ કામ. એટલે પહેલેથી 'વ્યવસ્થિત છે' એવું બોલવાથી ઈમોશનલ થઈ જાય છે. તમારે જાણવાનું જ 'વ્યવસ્થિત' છે. પહેલેથી 'વ્યવસ્થિત છે' બોલો તો દુરુપયોગ કર્યો અને વ્યવસ્થિતનો અર્થ તો તમે ઊંધો કરી નાખો પછી. આંખો મીંચીને ચાલો ને, કહે છે. એટલે તમે આમાં ડખો કર્યો શરીરમાં. તમને આવું કરવાનો, આઘુંપાછું કંઈ પણ કરવાનો અધિકાર નથી.

**પ્રશ્નકર્તા :** સાધારણ તો શરીર પણ એવું છે કે મોટર ચલાવતી વખતે આંખો બંધ થાય જ નહીં.

**દાદાશ્રી :** હા, બંધ થાય જ નહીં. એ નિયમ જ છે એ બધો. સાવધાની હોય જ. આ તો 'વ્યવસ્થિત છે' બોલે એટલે સાવધાની ઘટી જાય છે. અને સાવધ રહીએ નહીં ને પછી અથડાય તો ?

**પ્રશ્નકર્તા :** એ વ્યવસ્થિત ના કહેવાય.

**દાદાશ્રી :** એવું રહે છે કે ? સાવધાનીપૂર્વક હોવું જોઈએ ને !

**પ્રશ્નકર્તા :** સાવધાનીપૂર્વક ચલાવો, એ જે વાત છે, એ શેમાંથી છે ? પ્રજ્ઞાથી આવે કે વિવેકબુદ્ધિથી આવે કે સમજણથી આવે ? એ ત્રણમાંથી શેના કારણે આવે ?

**દાદાશ્રી :** અનુભવથી. એ થોડા વખતે અનુભવ થાય. એ ફરી પાછો ગોઠવે. ભૂલ થયા પછી વિચારીએ ને, તો તે ઘડીએ ખબર પડી કે આવી ભૂલ કરી. એટલે હવે બીજી વખત ધ્યાન રાખું તો તે ઘડીએ આવી ભૂલ ના થાય.

## પ્રકૃતિના કાર્યમાં ડખો ન કરવો તે વ્યવસ્થિત

**પ્રશ્નકર્તા :** જો કોઈ કહે કે હવે જે થવાનું હશે તે થશે તો ?

**દાદાશ્રી :** ના ચાલે. તેથી આપણે જ્ઞાન

આપીએ છીએ તે અલૌકિક જ્ઞાન આપીએ છીએ બધાને. 'વ્યવસ્થિત'નો જો અર્થ સમજે તો કામ કાઢી નાખે. અને ભ્રાંતિવાળો હોય એ ક્યારે અર્થ એનો બગાડી નાખે એ કહેવાય નહીં.

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત કહીને બેસી રહે તો દુનિયા એમ કહે કે આ તો આળસુનો સરદાર છે, કંઈ કામ નથી કરતો.

**દાદાશ્રી :** વ્યવસ્થિત કરીને બેસી રહેવાનું ક્યારે ? એવું 'વ્યવસ્થિત' કોને કહેવાય છે, એ તમને કહું કે આપણી પ્રકૃતિના કાર્યમાં અને બહારના એવિડન્સના કાર્યમાં ડખો નહીં કરવો એનું નામ 'વ્યવસ્થિત'.

બહારના સંયોગોમાં અને આપણી પ્રકૃતિના કાર્યમાં, હાથ ઊંચો થાય કે પગ આઘોપાછો થાય કે મહીં અંદરથી કહે ને આ હેંડવા માંડે, એ બધામાં આપણે જ્ઞાતા-દ્રષ્ટા રહેવાનું, એનું નામ વ્યવસ્થિત.

**પ્રશ્નકર્તા :** ફરીથી કહો.

**દાદાશ્રી :** ફરીથી કહું ? 'શુદ્ધાત્મા' સિવાય બીજું પ્રકૃતિ રહી. તે પ્રકૃતિ અને બહારના સંયોગો બધા ભેગા થતા હોય ને, તે જે કાર્ય કરે એ બધું વ્યવસ્થિત.

શુદ્ધાત્મા સિવાય બીજો કયો ભાગ રહ્યો ? પ્રકૃતિ રહી. તે ગનેગારી છે. તે પ્રકૃતિ જે કરતી હોય તેમાં આપણે કહીએ, 'તું જોશથી કર.' એમેય નહીં કહેવાનું, અને 'ના કરીશ' એમેય નહીં કહેવાનું. આપણે જ્ઞાતા-દ્રષ્ટા રહેવાનું, તો 'વ્યવસ્થિત.'

અને કોઈ ફેરો જ પહેલું પ્રકૃતિને ઠંડક રહે એટલા માટે કહી દેવું પડે કે વ્યવસ્થિત છે. કારણ કે મહીં જાતજાતના ગૂંચાળા ઊભા થાય, લૌકિક જ્ઞાન હાજર થઈ જાય, એટલે આપણે આ જ્ઞાન પહેલેથી કહી દેવું પડે કે વ્યવસ્થિત છે. બાકી વ્યવસ્થિતનો અર્થ એ છે કે પ્રકૃતિના કાર્યમાં ડખો નહીં કરવાનો.

### અભ્યાસ કરવાનો, ડખલ નહીં કરવાની

**પ્રશ્નકર્તા :** આ પ્રકૃતિનો વિભાગ એમાં ડખલ કરવાનું બની જતું હોય, એને શું કહીશું ?

**દાદાશ્રી :** વ્યવસ્થિતની વસ્તુમાં ડખલ હોઈ શકે નહીં. ડખલ તો 'આપણે' કરીએ તો થાય.

**પ્રશ્નકર્તા :** આ ચંદુલાલથી જે ડખલ થઈ જતી હોય તો એ એનો અધ્યાસ કહેવાય એ ?

**દાદાશ્રી :** ના, અધ્યાસ નહીં. ત્યાં આગળ એ જ્ઞાનની જાગૃતિ મંદ થઈ ગઈ હોય. કોઈ આવે તો, 'કેમ તું અહીંયા આવ્યો છું ?' એ થયું એટલે ડખો કર્યો કે ડખલ ઊભી થઈ. ડખો કરવાનો નહીં, તે વખતે.

**પ્રશ્નકર્તા :** તો અમારે તો ફક્ત વ્યવસ્થિતના જ્ઞાનમાં રહેવાની અમને શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો, એમ જ અમારે 'દાદા' પાસે માંગવાનું ને !

**દાદાશ્રી :** એ શક્તિ આપો, એ શક્તિ માંગવાની ખરી, પણ પાછું અભ્યાસમાં લેતા જવું. અભ્યાસમાં આ આખો દહાડો ના થાય, પણ બે કલાક થઈ જાય. આપણે નક્કી કરીએ કે બે કલાક મારે કશું કોઈ રીતે ડખો કરવો નથી, વ્યવસ્થિતના જ્ઞાનમાં રહેવું છે.

**પ્રશ્નકર્તા :** હા, તો એ થઈ જાય.

**દાદાશ્રી :** એમાં પછી પ્રકૃતિ વ્યવસ્થિતને તાબે છે, એવું એને જુદી જુએ તો પછી આત્માની શક્તિ વધતી જાય અભ્યાસથી.

'ચંદુભાઈ' જે છે એ તમારું ઉદય સ્વરૂપ

છે. એટલે એ જે છે તે આખુંય વ્યવસ્થિતને તાબે, એટલે એ જે કરે એ તમારે 'જોયા' કરવાનું. ચંદુભાઈને પ્રેરણા આપે તેય વ્યવસ્થિત શક્તિ આપે છે અને તમારે જોયા કરવાનું કે 'ચંદુભાઈ શું કરી રહ્યા છે !'

**પ્રશ્નકર્તા :** આપણને જે વિચાર આવે છે એ બધું પણ વ્યવસ્થિત છે ?

**દાદાશ્રી :** વિચાર આવે ને, એ વ્યવસ્થિત વિચાર લાવે છે. મન નિરંતર ફર્યા કરે છે ને વિચારો ઝમ્યા કરે છે. એ વિચારો એ જ્ઞેય છે ને આપણે જ્ઞાતા છીએ. આપણે જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ છે. આપણે વિચારોને જોયા કરવાના.

## વ્યવસ્થિતના જ્ઞાનને સિન્સિયર તો ના થાય ડખો

આપણે તો હવે વ્યવસ્થિતમાં જે હોય તે ખરું ને ના હોય તો તે નહીં, પણ 'કંઈ જ મને ખપતું નથી' એ ભાવ નક્કી હોવો ઘટે. અને એને 'સિન્સિયર' રહે તો કશો જ ડખો થાય તેમ નથી. 'વ્યવસ્થિત'માં જે મળવાનું છે એટલું જ મળવાનું છે, એમાં કશો ફેરફાર નથી પડતો. ઊલટી ચિંતા-અકળામણ ઓછી થાય એ લાભમાં છે.

અમે તો સત્યાવીશ વર્ષથી ટેન્શન જ જોયેલું નહીં ને !

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત બરાબર સમજમાં આવે તો વરીઝ-ટેન્શન કશું જ ન રહે.

**દાદાશ્રી :** કશું ના રહે.

વ્યવસ્થિત'ના જ્ઞાનથી આપણને ભય ના રહે, ભય બધા તૂટી જાય. ઘણાંખરાં ખોટા ભય માણસને મારી નાખે છે. બધાં વિપરીત ભય કહેવાય. આખો દહાડો આમ થઈ જશે, આમ થઈ જશે કે તેમ થઈ જશે, એ જ બધી ડખોડખલ. આ વ્યવસ્થિત સમજાય તેને ચિંતા-ઉપાધિ-ભય બધા નીકળી જાય.

## ડખો થયો તો સમજવામાં ભૂલ જાણવી

ડખા વગરનું જગત છે, આ જ્ઞાન આપ્યા પછી. જ્ઞાન લેતાં પહેલાં તો ડખો જ હતો બધો. પણ જ્ઞાન લીધા પછી કંઈ પણ ડખો થયો તો આપણી વ્યવસ્થિત સમજવામાં ભૂલ થઈ રહી છે. પ્રોબ્લેમ વસ્તુ છે નહીં જગતમાં, પણ આપણી સમજવામાં ભૂલ થઈ છે. ડખો કેમ થાય? અને થાય છે તો હિસાબ છે બધા !

તમને બિલીફમાં તો આવી ગયું છે ને કે દાદાનું જ્ઞાન સાયન્ટિફિક છે, અક્રમ વિજ્ઞાન છે આ તો ! જ્ઞાન સાયન્ટિફિક હોવું જોઈએ. આ તો ગમે તે માણસ, ગમે તેવું ભણેલું હોય, મોટો સાયન્ટિસ્ટ હોય કે ગમે તે બીજો હોય, તોય પણ એને એક્સેપ્ટ થવું જ જોઈએ. અને ના કરે તો આપણે સમજીએ કે એનામાં કંઈક ગાફેલપણું છે, કંઈક ગફલત છે એમાં. સાયન્ટિસ્ટો હઉ કબૂલ કરે. વિજ્ઞાન એટલે વિજ્ઞાન, ચોખ્ખું. એની બિલીફમાં આવવું જોઈએ. બિલીફમાં આવશે એટલે અમે જાણ્યું કે આચરણમાં આવશે. એટલે આ જગત જેમ છે તેમ એક્ઝેક્ટ વ્યવસ્થિત જ છે. જે ચાલી રહ્યું છે તે જ કરેક્ટ છે. પણ કરેક્ટનેસમાં હજુ તો બુદ્ધિ બહુ કૂદાકૂદ કરે છે ને, ત્યાં સુધી વ્યવસ્થિત સમજવા ના દે.

**પ્રશ્નકર્તા :** હા, બુદ્ધિ કૂદાકૂદ કરે છે.

**દાદાશ્રી :** હં. આમ હશે ને તેમ હશે, કલ્પનાઓ કરાવે. જો કે આપણે કલ્પના રહી નહીં. પણ વ્યવહારિક રહ્યું ને, વ્યવહાર ડિસ્ચાર્જમાં. ચાર્જ-બાર્જ ના રહ્યું.

**પ્રશ્નકર્તા :** બરાબર છે. અને એ સમજાય તો વ્યવસ્થિત બધું બરાબર સમજાઈ જાય.

**દાદાશ્રી :** એ ધીમે ધીમે વ્યવસ્થિતની ઉપર શ્રદ્ધા બેસતી જાય, નહીં તો બેસે જ નહીં ને !

એ આ જ્ઞાનના અનુભવના આધારે સમજાય કે જગત ક્યાં આગળ બેઠેલું છે બિચારું ! સાધુ-સંતો બધા ક્યાં બેઠેલા છે ? રસ્તામાં માર ખાય છે બધા !

## વ્યવસ્થિતની સંપૂર્ણ સમજણે થાય કેવળજ્ઞાન

આપણે તો ગાડીમાંથી આમ ઉતારી પાડે તો જાણવું કે 'વ્યવસ્થિત' છે. પાછો ફરી બોલાવે તોય 'વ્યવસ્થિત' અને ફરી ઉતારી પાડે તોય 'વ્યવસ્થિત.' આમ સાત વખત ઉતારી પાડે તોય 'વ્યવસ્થિત !' સાત વખત ચઢાવે તોય 'વ્યવસ્થિત !' આ જેને વર્તે છે તેને કેવળજ્ઞાન થશે ! અમે એવું 'વ્યવસ્થિત' આપ્યું છે કે કેવળજ્ઞાન થાય, 'વ્યવસ્થિત' જો આખું પૂરેપૂરું સમજે તો ! 'વ્યવસ્થિત' તો ચોવીસેય તીર્થંકરોના શાસ્ત્રોનો સાર છે.

**પ્રશ્નકર્તા :** આપને પહેલાં વ્યવસ્થિત સમજાયું હશે, પછી આ જ્ઞાન આપવા માંડ્યું ને ?

**દાદાશ્રી :** હા, પછી જ આપેલું ને ! 'વ્યવસ્થિત' મારા અનુભવમાં કેટલાય અવતારથી આવ્યું છે અને ત્યાર પછી મેં આ બહાર આપ્યું. નહીં તો અપાય જ નહીં ને ! આમાં તો જોખમદારી આવે. વીતરાગોનો એક અક્ષરેય બોલવો અને કો'કને ઉપદેશ આપવો મોટી જોખમદારી છે ! તમને કેટલા વખત મોટરમાંથી ઉતારી પાડે તો 'વ્યવસ્થિત' હાજર રહે ?

**પ્રશ્નકર્તા :** ચાર-પાંચ વખત પછી કમાન છટકે.

**દાદાશ્રી :** કમાન છટકે તો તે પુદ્ગલની છટકે છે. 'આપણે' તો 'જાણવું' કે આ પુદ્ગલની કમાન છટકી છે. આપણે તો શું કહેવું કે 'આ પુદ્ગલની કમાન છટકી છે, તોય હું પાછો આવ્યો ને મોટરમાં બેઠો.' આ કમાન છટકી છે, એવું 'આપણે' 'જાણવું' જોઈએ. એવું આ 'વ્યવસ્થિત' સુંદર છે ! કમાન છટકે ને પાછો આડો થઈને જતો રહે ને પછી પાછો ના આવે, એ ખોટું કહેવાય. આ 'વ્યવસ્થિત' સમજાઈ ગયું, પછી કશો ડખો કરવા જેવું છે જ નહીં. પુદ્ગલનું જે થવું હોય તે થાય, પણ આપણે આડા ના થવું. પુદ્ગલ તો આપણને આડું કરવા ફરે.

## વ્યવસ્થિત કહે છે કે ડખોડખલ કરશો નહીં

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત જો મગજમાં ઊતરી ગયું તો કંઈ દુઃખ છે જ નહીં.

**દાદાશ્રી :** પણ તેય જોવા જેવું હોય છે.

**પ્રશ્નકર્તા :** હા, જોવા જેવું. આપણને વ્યવસ્થિત કેવું શીખવાડી જાય છે ! અનુભવ આપી જાય છે. સુંદર-સુંદર અનુભવ આપે છે. સમજણ આપે છે બધી.

**દાદાશ્રી :** વ્યવસ્થિત શું કહેવા માંગે છે કે ડખોડખલ કરશો નહીં. વ્યવસ્થિત જ છે, આમ જ છે, એ જ ખરું છે. તમે માનો છો એ ખોટું છે એવું કહેવા માંગે છે.

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે.

**દાદાશ્રી :** એવું છે, હવે ચંદુભાઈને એમનું કામ કાઢી નથી લેવું, હવે તો આપણે આપણું કામ કાઢી લેવાનું છે. માટે આપણે વ્યવસ્થિત સમજી જવાનું. વ્યવસ્થિત જો સમજ્યો હોય ને, તેને તો રાગ-દ્વેષ જ હોય નહીં. ભણેલું તો ત્યારે કહેવાય કે વ્યવસ્થિત એક્ઝેક્ટ સમજે.

**- જય સચ્ચિદાનંદ**

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૨૫-૨૬ માર્ચ :** આ વર્ષે જર્મનીમાં બે શહેરોમાં જ્ઞાનવિધિનું આયોજન થયું હતું. પૂજ્યશ્રીનો બે દિવસીય સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ પ્રથમ વખત મુનિકમાં યોજાયો હતો. વાર્ષિક કાર્યક્રમ વિલિંગનમાં થાય છે, ત્યાં જે લોકો નથી આવી શકતા એવા લોકોએ અહીંયા સત્સંગ-જ્ઞાનવિધિનો લાભ મેળવ્યો હતો. સત્સંગ દરમિયાન ૨૫૦ લોકોની હાજરી નોંધાઈ હતી તથા જ્ઞાનવિધિ દરમિયાન ૨૦૫ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. સ્થાનિક મહાત્માઓએ પૂજ્યશ્રી સાથે ઈંગ્લિશ ગાર્ડનમાં આવેલા તળાવ પાસે ઈન્ફોર્મલ સમય ગાળ્યો હતો. જેમાં પૂજ્યશ્રી સાથે વૉક અને ગરબા કર્યા હતા. તે દરમિયાન એક ડૉક્યુમેન્ટરીનું રેકોર્ડિંગ કરાયું હતું. ડૉક્યુમેન્ટરીમાં પૂજ્યશ્રીને 'અક્રમ વિજ્ઞાન' અને તેના સિદ્ધાંતો પર પ્રશ્નો પૂછાયા હતા. જગ વિખ્યાત કાર કંપની BMWના પ્લાન્ટની પણ પૂજ્યશ્રીએ મુલાકાત લીધી હતી, જેમાં કાર કેવી રીતે બને છે તેની આખી પ્રોસેસ નિહાળી હતી. ત્યારબાદ પૂજ્યશ્રી સેઈન્ટ લુકાસ ચર્ચની મુલાકાતે ગયા હતા, ત્યાં દર્શન કરી અને જગત કલ્યાણની ભાવના ભાવી હતી. ત્યાર બાદ વિલિંગન ખાતે જવા રવાના થયા હતા.

**૨૯ માર્ચ થી ૧ એપ્રિલ :** દર વર્ષની જેમ આ વર્ષે પણ જર્મનીમાં વિલિંગન ખાતે 'અક્રમ વિજ્ઞાન ઈવેન્ટ'નું આયોજન થયું હતું. આ જગ્યા સુવિધાજનક તથા પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર છે. યુરોપ તેમજ અન્ય ખંડોના વિવિધ દેશોમાંથી મહાત્મા-મુમુક્ષુઓ આ ઈવેન્ટમાં ભાગ લેવા આવ્યા હતા. લગભગ ૩૭૫ શિબિરાર્થીઓની હાજરી નોંધાઈ હતી. મહાત્માઓએ લાઈનમાં ઊભા રહીને પૂજ્યશ્રીનું સ્વાગત કર્યુ હતું. પ્રથમ દિવસે સવારના સત્સંગમાં સ્થાનિક મહાત્મા-મુમુક્ષુઓના રોજિંદા જીવનમાં ઉદ્‌ભવતા તથા અધ્યાત્મને લગતા પ્રશ્નોના સમાધાનકારી ફોડ પૂજ્યશ્રી દ્વારા અપાયા હતા. સવારના સત્સંગ બાદ યોજાયેલ જ્ઞાનવિધિમાં ૧૨૫ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામી, ગુરુ-શિષ્ય જર્મન ભાષામાં પુસ્તકો તથા 'સિદ્ધસ્તુતિ' પર દાદાવાણી અને બાળકો માટે 'ભગવાન ક યાં રહે છે ?' પુસ્તક જે જર્મન ભાષામાં ભાષાંતરિત કરવામાં આવ્યું છે, તેનું પૂજ્યશ્રી દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. ઈવેન્ટ દરમ્યાન દર્શન, ભક્તિ-ગરબા, મૂર્તિઓની વિધિ જેવા કાર્યક્રમો શિબિરાર્થીઓ માટે યોજવામાં આવ્યા હતા. બે દિવસ અંગ્રેજી પુસ્તક 'સાયન્સ ઓફ કર્મા' પર પારાયણ થયું હતું. પૂજ્યશ્રીએ કર્મની થિયરી પર ઉદ્‌ભવતા જર્મન મહાત્માઓના પ્રશ્નોના વિવિધ ઉદાહરણો દ્વારા સુંદર જવાબો અંગ્રેજીમાં આપ્યા હતા.

ઈવેન્ટ દરમિયાન ભક્તિ કાર્યક્રમમાં સ્થાનિક મહાત્માઓએ અડાલજ ખાતે ઉજવાયેલ JJ-111માં ગાયેલા ગીતો તથા એમણે બનાવેલા નવા ગીતો ગાઈને સૌને ભક્તિમાં રસ તરબોળ કરી નાખ્યા હતા. આપ્તપુત્ર દ્વારા થયેલ સત્સંગનો ત્યાંના સ્થાનિક મહાત્માઓએ લાભ લીધો હતો, જેમાં એમણે પૂજ્ય નીરુમા તથા પૂજ્યશ્રી દિપકભાઈ સાથેના અનુભવો વર્ણવ્યા હતા. મહાત્માઓને પૂજ્યશ્રી સાથે વોક દરમિયાન ઈન્ફોર્મલ સમય ગાળવાનો લાભ મળ્યો હતો. અહીંથી પૂજ્યશ્રી માન્ચેસ્ટર (યુ.કે.) જવા માટે રવાના થયા હતા.

**૩-૪ એપ્રિલ :** જર્મનીથી UK આગમન વખતે માન્ચેસ્ટર ખાતે ૧૫૦ જેટલા સ્થાનિક મહાત્માઓએ પૂજ્યશ્રીનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું. ઓલ્ડહામમાં પૂજ્યશ્રીનો બે દિવસીય સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ ઘણા સમય પછી યોજાયો. સવારના સત્સંગ બાદ યોજાયેલ જ્ઞાનવિધિમાં ૫૫ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. મહાત્માઓએ પૂજ્યશ્રી સાથે પોર્ટ લેન્ડ બેસિન મ્યુઝિયમમાં ઈન્ફોર્મલ સમય ગાળ્યો હતો.

**૫ થી ૭ એપ્રિલ :** લેસ્ટરમાં પૂજ્યશ્રીનો સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. સત્સંગ દરમિયાન સ્થાનિક મહાત્માઓએ પૂજ્યશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યુ હતું. સત્સંગ દરમિયાન ૪૦૦ મહાત્મા-મુમુક્ષુઓની હાજરી નોંધાઈ હતી. પૂજ્યશ્રીએ GNCના બાળકો દ્વારા બનાવેલ 'સિન્સિયારિટી' પરના પ્રદર્શનની મુલાકાત લીધી હતી. બાળકોએ સિન્સિયારિટીને લગતા શબ્દોવાળા ફુગ્ગાઓ હાથમાં લઈને પૂજ્યશ્રીનું પ્રદર્શન દરમિયાન સ્વાગત કર્યુ હતું. મુમુક્ષુઓ દ્વારા વિવિધ વિષયો પર પ્રશ્નો પૂછાયા હતા, જેના સમાધાનકારી જવાબ પૂજ્યશ્રી દ્વારા અપાયા હતા. સાતમી તારીખે યોજાયેલ જ્ઞાનવિધિમાં ૫૬ મુમુક્ષુઓ આત્મજ્ઞાન પામ્યા હતા. મહાત્માઓએ પૂજ્યશ્રી સાથે ઈન્ફોર્મલ સમય ગાળ્યો હતો, જેમાં પિકનિક, ગરબા, વરાળથી ચાલતી ટ્રેનના હેરીટેજ મ્યુઝિયમની મુલાકાત જેવા કાર્યક્રમો થયા હતા. સ્થાનિક મહાત્માઓએ પૂજ્યશ્રી પાસેથી મૂંઝવતી બાબતો માટે વ્યક્તિગત માર્ગદર્શન 'દાદા દરબાર' અંતર્ગત મેળવ્યું હતું. ૧૨૦ જેટલા મહાત્માઓએ આનો લાભ લીધો હતો.

## Pujya Deepakbhai's Canada-USA Satsang Schedule 2019

**Contact no. for all centers in USA : 1-877-505-DADA (3232) & email for USA - info@us.dadabhagwan.org**

| Date | Day | City | Session Title | From | To | Venue | Contact No. & E-mail |
|---|---|---|---|---|---|---|---|
| 21 Jun | Fri | Montreal, Canada | Aptaputra Satsang | 7-00 PM | 9-00 PM | Hampton Inn & Suites 1900 Trans Canada Hwy Dorval Quebec, H9P 2N4 | Extn. 1025 wcmontreal@ ca.dadabhagwan.org |
| 21 Jun | Fri | Toronto, Canada | Mahatma Only Satsang | 6-30 PM | 9-30 PM | Sringeri Vidya Bharati Foundation 80 Brydon Dr. Etobicoke, ON, M9W 4N6 | Extn. 1006 wctoronto@ ca.dadabhagwan.org |
| 22 Jun | Sat | | Satsang | 5-00 PM | 8-00 PM | | |
| 23 Jun | Sun | | Aptaputra Satsang | 10-30 AM | 12-30 PM | | |
| 23 Jun | Sun | | Gnan Vidhi | 4-00 PM | 8-00 PM | | |
| 30 Jun | Sun | Savannah, GA | Aptaputra Satsang | 5-00 PM | 7-00 PM | Savannah Sanatan Temple 2006 Fort Argyle Road Bloomingdale, GA 31302 | Extn. 1038 atul@comcast.net |
| 1 Jul | Mon | Tallahassee, FL | Satsang | 6-30 PM | 9-30 PM | Lawton Chiles High School - Auditorium 7200 Lawton Chiles Lane Tallahassee, FL 32312 | Extn. 1037 wctallahasee@ us.dadabhagwan.org |
| 2 Jul | Tue | | Aptaputra Satsang | 10-30 AM | 12-30 PM | | |
| 2 Jul | Tue | | Gnan Vidhi | 5-00 PM | 9-00 PM | | |
| 8 Jul | Mon | Des Moines, IA | Satsang | 6-30 PM | 9-30 PM | Johnston Middle School - Auditorium 6501 NW 62nd Avenue Johnston, IA 50131 | Extn. 1036 wciowa@ us.dadabhagwan.org |
| 9 Jul | Tue | | Aptaputra Satsang | 10-30 AM | 12-30 PM | | |
| 9 Jul | Tue | | Gnan Vidhi | 5-00 PM | 9-00 PM | | |
| 12 Jul | Fri | Houston, TX | Opening Ceremony & Satsang | 10-00 AM | 12-30 PM | Hilton Americas-Houston 1600 Lamar Street Houston, TX 77010 | Extn. 10 gp@ us.dadabhagwan.org |
| 12 Jul | Fri | Houston, TX | GP Shibir | 4-30 PM | 7-00 PM | | |
| 13 Jul | Sat | Houston, TX | GP Shibir | 10-00 AM | 12-30 PM | | |
| 13 Jul | Sat | Houston, TX | Gnan Vidhi | 5-00 PM | 7-30 PM | | |
| 14 Jul | Sun | Houston, TX | Shobha Yatra | 8-00 AM | 9-30 PM | | |
| 14 Jul | Sun | Houston, TX | Pran Pratishtha | 10-00 AM | 12-30 PM | | |
| 14 Jul | Sun | Houston, TX | GP Shibir | 4-30 PM | 7-00 PM | | |
| 15 Jul | Mon | Houston, TX | GP Shibir | 10-00 AM | 12-30 PM | | |
| 15 Jul | Mon | Houston, TX | Aptaputra Satsang | 4-30 PM | 7-00 PM | | |
| 16 Jul | Tue | Houston, TX | GP Day | 8-00 AM | 12-30 PM | | |
| 16 Jul | Tue | Houston, TX | GP Day | 4-30 PM | 7-00 PM | | |
| 17 Jul | Wed | Houston, TX | GP Shibir - Closing Ceremony | 10-00 AM | 11-30 PM | | |
| 20 Jul | Sat | Chicago, IL | Satsang | 5-00 PM | 8-00 PM | Sheraton Lisle Naperville 3000 Warrenville Road Lisle, IL 60532 | Extn. 1005 wcchicago@ us.dadabhagwan.org |
| 21 Jul | Sun | | Aptaputra Satsang | 10-30 AM | 12-30 PM | | |
| 21 Jul | Sun | | Gnan Vidhi | 5-00 PM | 9-00 PM | | |
| 22 Jul | Mon | | Mahatma Only Satsang | 6-00 PM | 9-00 PM | | |
| 27 Jul | Sat | Los Angeles, CA | Satsang | 5-00 PM | 8-00 PM | Sanatan Dharma Temple 15311 Pioneer Blvd. Los Angeles, CA 90650 | Extn. 1009 wclosangeles@ us.dadabhagwan.org |
| 28 Jul | Sun | | Aptaputra Satsang | 10-30 AM | 12-30 PM | | |
| 28 Jul | Sun | | Gnan Vidhi | 4-30 PM | 8-30 PM | | |

## અડાલજ ત્રિમંદિરે અપરિણીત યુવાનો માટે બ્રહ્મચર્ય શિબિર : તા. ૧૪ થી ૧૬ જૂન ૨૦૧૯

**'વિષય-વિકાર અને કુસંગથી કેવી રીતે બચવું', તે માટેની વિશેષ શિબિર**

૨૧ થી ૩૦ વર્ષના આત્મજ્ઞાન લીધેલા, જ્ઞાન લીધાને ૧ વર્ષ થયું હોય એવા કોઈપણ અપરિણીત યુવાનો ભાગ લઈ શકશે. યુવાનો માટે બ્રહ્મચર્ય સત્સંગ જે સેન્ટરમાં ચાલે છે તેમણે પોતાના સેન્ટરમાં અને જ્યાં સેન્ટર નથી તેમણે ૯૯૨૪૩૪૩૧૫૦ નંબર પર ૮ જૂન ૨૦૧૯ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. શિબિર દરમ્યાન મહાત્મા આઈ કાર્ડ જરૂરી છે.

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### સુરત

**૧૮ મે** (શનિ) - રાત્રે ૮ થી ૧૧ - **સત્સંગ** અને **૧૯ મે** (રવિ) - સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** ઇન્ડોર સ્ટેડીયમ, લોર્ડ્સ કોન્વેન્ટ સ્કૂલની સામે, મેઘદૂત સોસાયટી પાસે, અઠવા લાઈન્સ, સુરત.

**૨૦ મે** (સોમ) - રાત્રે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ રોડ, મહાવીર હોસ્પિટલની પાછળ, નાનપુરા, સુરત. **સંપર્ક -** ૯૫૭૪૦૦૮૦૦૭

### વડોદરા

**૨૭ મે** (સોમ) - સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **સત્સંગ** અને **૨૮ મે** (મંગળ) - સાંજે ૭ થી ૧૦-૩૦ - **જ્ઞાનવિધિ**

**૨૯ મે** (બુધ) - સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** અકોટા સ્ટેડીયમ, અકોટા, વડોદરા. **સંપર્ક -** ૯૯૨૪૩૪૩૩૩૫

### અડાલજ ત્રિમંદિરમાં PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર

**૫ જૂન** (બુધ) - **પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર, ૬-૭ જૂન** (ગુરુ-શુક્ર) - **મા-બાપ છોકરાંનો વ્યવહાર**

**૮-૯ જૂન** (શનિ-રવિ) - **પૈસાનો વ્યવહાર**

**નોંધ :** ૧) આ શિબિર જ્ઞાન લીધેલ પરિણીત મહાત્માઓ માટે રહેશે. ૨) શિબિરમાં ઉપરોક્ત વિષયો પર પૂજ્યશ્રી દ્વારા સત્સંગ થશે તથા આપ્તપુત્રો-આપ્તપુત્રીઓ દ્વારા ગ્રુપ સત્સંગ થશે. ૩) શિબિરમાં ભાગ લેવા માટે પોતાના સેન્ટર પર અને જ્યાં સેન્ટર ના હોય એમણે અડાલજ ત્રિમંદિર ખાતે ૯૯૨૪૩૪૮૮૮૦ અથવા ૦૭૯-૩૯૮૩૦૪૦૦ નં. (સવારે ૯ થી ૧૨, બપોરે ૩ થી ૬) પર ૧૯ મે ૨૦૧૯ સુધી રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

### પૂજ્યશ્રી સાથે સેન્ટર પ્રમાણે મહાત્માઓ માટે સ્પેશ્યલ શિબિર

| | | | | |
|---|---|---|---|---|
| **સાપુતારા** | (વડોદરા ગ્રુપ) | **૨૦-૨૨ મે** | **વડોદરા, ભરુચ, અંકલેશ્વર, પંચમહાલ, દાહોદ, આણંદ, નડિયાદ, ખેડા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાઓ** | (૯૯૨૪૩૪૩૩૩૫) |
| **સાપુતારા** | (સુરત ગ્રુપ) | **૨૩-૨૫ મે** | **સુરત, નવસારી, વલસાડ જિલ્લાઓ** | (૯૫૭૪૦૦૮૦૦૭) |

**નોંધ :** ૧) આ શિબિરમાં ભાગ લેવા પોતાના નજીકના સેન્ટર પર રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. ૨) સમય અને સ્થળની જાહેરાત બાકી. ૩) વધુ જાણકારી માટે ઉપર કૌંસમાં આપેલ નંબર પર જે તે સેન્ટરના મહાત્માઓએ સંપર્ક કરવો.

### પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ તથા રાત્રે ૧૦ થી ૧૦-૩૦
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર સોમથી શનિ બપોરે ૩-૩૦ થી ૪ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ સવારે ૩-૩૦ થી ૪-૩૦, દરરોજ બપોરે ૨-૩૦ થી ૩, દરરોજ રાત્રે ૮ થી ૯
- **'दूरदर्शन'-नेशनल** पर सोम से शनि, सुबह 8-30 से 9 ; रवि, सुबह 6-30 से 7 (हिन्दी में)
- **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4; रवि, शाम 6 से 6-30 (हिन्दी में)
- **'दूरदर्शन'-बिहार** पर हररोज़ शाम 6-30 से 7, हररोज़ सुबह 7 से 7-30
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर सोम से शनि रात 9-30 से 10 (हिन्दी में)
- **'उड़ीसा प्लस'** टीवी पर हररोज़ सुबह 7-30 से 8 (हिन्दी में)
- **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)
- **'दूरदर्शन'-चंदना** पर सोम और शुक्र शाम 7-30 से 8 (कन्नड़ में)

**USA -Canada**
- **'TV Asia'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'Rishtey-USA'** पर हर रोज़ सुबह 7 से 7-30 तथा 8 से 8-30 (हिन्दी में) EST

**UK**
- **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में)
- **'Rishtey-UK'** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में) Western European Time (6am-6-30am GMT)
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)

**CAN-Fiji-NZ-Sing.-SA-UAE** ● **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 7 से 7-30 तथा 8 से 8-30 (हिन्दी में) EST

**USA-UK-Africa-Aus.** ● **'આસ્થા'** પર સોમથી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

મે ૨૦૧૯
વર્ષ-૨૪, અંક-૭
સળંગ અંક-૨૮૫

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/037/2018-20
Valid up to 31-12-2020
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## ડખો ના હોય તો સહજ પ્રયત્ને પ્રાપ્ત થાય

આ 'વ્યવસ્થિત'ની બહાર કશું થાય એવું નથી. છતાં આપણે 'વ્યવસ્થિત'નો અર્થ એવો ના કરવો જોઈએ કે 'આપણે સૂઈ રહો, બધું થઈ જશે.' જો 'વ્યવસ્થિત' કહેવું હોય તો આપણો પ્રયત્ન હોવો જોઈએ, છતાં પ્રયત્નો તે તો 'વ્યવસ્થિત' કરાવે એટલા જ કરવાના હોય. પણ આપણી શું ઈચ્છા હોવી જોઈએ ? પ્રયત્ન કરવાની. પછી આપણે દસ વાગ્યાથી ઉઘરાણી માટે હેંડવા માંડ્યા, પેલો ભાઈ ભેગો ના થયો તો પાછા બાર વાગ્યે ગયા તોય ભેગો ના થયો તો પછી ઘેર આવીને ફરી પાછા દોઢ વાગ્યે જઈએ, એવું નહીં કરવાનું. પ્રયત્ન એટલે એક ફેરો જઈ આવવાનું, ફરી પાછો વિચાર નહીં કરવાનો. આ તો પ્રયત્ન કરે તે કેટલું કે ધક્કા ખા ખા કર્યા કરે. પ્રયત્ન તો સહજ પ્રયત્ન હોવા જોઈએ. આપણે જેને ખોળતા હોય તે સામો મળે. અમને બધું સહજ પ્રયત્ને થાય, સહેજાસહેજ એવો હિસાબ બધો ગોઠવાયેલો. કારણ કે અમારો ડખો નહીં ને કોઈ જાતનો !

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બી-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.